સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર – સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

ઓગષ્ટ, ૨૦૧૯ • બે વર્ષ લવાજમ રૂા. ૧૬૦/–



## વચનામૃત : ગ્રંથ એટલે સંસારની સમસ્યાઓની જડીબુટ્ટી




**પ્રવેશદ્વાર ઉદ્ઘાટન**
**બગસરા**



બગસરાને આંગણે તૈયાર થયેલ નૂતન મુખ્ય પ્રવેશદ્વારોનું લોકાર્પણ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો અને રાજકીય-સામાજિક મહાનુભાવશ્રીઓ













**પંચતીર્થી પદયાત્રા**
જૂનાગઢ-પીપલાણા-માણાવદર
પંચાળા-લોજ-માંગરોળ







સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી પ.પૂ. ધ.ધુ. **આચાર્ય મહારાજશ્રી** તથા **પ.પૂ. ભાવિઆચાર્ય લાલજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદથી **પૂ.સ.ગુ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે **શ્રી સ્વામિનારાયણ મંદિર – બગસરા** દ્વારા મહાપ્રભુ નીલકંઠવર્ણીના પદારવિંદથી પાવન થયેલ સોરઠભૂમિની તા. ૨ થી ૭-૮-૨૦૧૯ સુધી **પંચતીર્થી પદયાત્રા**નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પદયાત્રામાં જૂનાગઢ, પીપલાણા, માણાવદર, પંચાળા, લોજ અને માંગરોળ વગેરે તીર્થસ્થાનો સહિત ૪૦ જેટલા સંતો-પાર્ષદો તથા ૮૦૦થી વધારે હરિભક્તો જોડાઈને ભગવાન શ્રીહરિનું અખંડ ભજન-સ્મરણ અને સત્સંગ કથાવાર્તાનો લાભ લઈ ધન્યભાગી થયા હતા.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



અધ્યક્ષશ્રી



પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ

ઉપાધ્યક્ષશ્રી



પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ


# સ્વામિનારાયણ ચિંતન

પ્રયોજક : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

વર્ષ :- ૭ । અંક :- ૭ । તારીખ :- ૨૦ ઓગષ્ટ, ૨૦૧૯

**પ્રસિદ્ધ કર્તા**

**શ્રી સ્વામિનારાયણ મંદિર**
**મું. સરધાર, તા.જી. રાજકોટ**

**પ્રકાશક – માલિક – તંત્રી**
*સાધુ પતિતપાવનદાસજી*

**સંપાદક**
*સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)*

**લવાજમ દર**
*બે વર્ષ : રૂા. ૧૬૦/-*
*પંચવાર્ષિક : રૂા. ૩૫૦/-* • *પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-*
*પરદેશમાં લવાજમ : $ 200 U.S.A., £ 125 U.K.*


છબીકલા : મીત બોરડ – મો. ૭૦૪૮૧ ૨૯૫૬૨

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર. દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.



**લવાજમદર અંગે**
**ગ્રાહક પત્ર વ્યવહાર**

'ચિંતન કાર્યાલય', શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
www.sardhardham.com chintankaryalay@gmail.com

## વચનામૃતના પાને પાને સમસ્યાઓનું સમાધાન

કજિયાથી માંડી, સમાજમાં સંઘર્ષ, કોમ-કોમ વચ્ચેના ઝઘડા, પક્ષ-પક્ષ વચ્ચેના ટકરાવ, રાજય-રાજય વચ્ચેના સંઘર્ષ અને છેક દેશ-દેશ વચ્ચેનાં યુદ્ધો સુધીની પરિસ્થિતિના નિર્માણના મૂળમાં હોય છે - વ્યક્તિઓના સ્વભાવોનો સંઘર્ષ. માણસનો પોતાના સ્વભાવ પર કોઈ જ કાબૂ નથી. વિચિત્રતા તો એ છે કે તે પોતાની સાવ નજીકના હોય, તેમની સાથે વધુ ખરાબ વર્તન કરે છે - સગાંવહાલાં સાથે, મિત્રો સાથે, સત્સંગીબંધુઓ સાથે તેને વાત વાતમાં વાંકું પડી જાય છે. ઘણી વખત માણસ પોતે ઊભાં કરેલાં કારણોસર મૂંઝાય ત્યારે ગમે ત્યાં આખડી પડે - જાણે ઝઘડો ગોતવા જ ખાસ નીકળ્યો ન હોય !

કેટલો ત્રસ્ત છે માનવી આજે ! દિવસ ઊગે ત્યારથી જ સમસ્યાઓ તેનો ભરડો લેવાનું શરૂ કરે છે; રાત્રે પણ તે તેનો પીછો છોડતી નથી. એની ઊંઘ પણ હરામ કરી નાખે છે. જાત જાતના પ્રશ્નો - દૈહિક, વૈયક્તિક, કૌટુંબિક, વ્યાવસાયિક, સામાજિક, રાજકીય ઈત્યાદિ. કેટલાક સ્પષ્ટપણે દેખાય-અનુભવાય એવા; તો કેટલાક ગર્ભિત (Implicit) એટલે કે ઉપરથી હસતું મોં રાખીને ફરતી વ્યક્તિના આંતરિક અજંપાનો પાર નથી હોતો. પ્રમાણમાં સામાન્ય લાગતી એવી બાબતો, વ્યક્તિને અંદરથી ઊધઈની જેમ કોરી ખાતી હોય છે. બહારથી દેખાતો નાનો પ્રશ્ન એ તો હિમશિલા (Iceberg) ની માત્ર ટોચ જ હોય છે; સમસ્યાની મસમોટી શિલા તો અંદર પડેલી હોય છે !

વિચિત્રતા તો એ છે કે, માણસ જેને સામાન્ય રીતે સુખ માને છે એવી ઉપલબ્ધિઓ હોવા છતાંય, તેને પોતાની જાત સિવાય બીજા બધા સુખી લાગે છે ! તે અસંતોષી અને અધીરો બન્યો છે. હંમેશા, અન્ય સાથેની એષણાપ્રાપ્તિની સ્પર્ધામાં, તે પોતાની જાતને મૂકતો જ રહે છે.

સમસ્યાના આ જંગલમાં ફસાયેલ વ્યક્તિઓને સાચું દિશાસૂચન, સમજણ, સદ્-અસદ્નો વિવેક; તે દ્વારા પંચવર્તમાનયુક્ત સાચા સંતોની ઓળખ અને ફલશ્રુતિરૂપે અક્ષરધામનું અભયવચન - આ સઘળું 'વચનામૃત'ના પાને પાનેથી, તેના શબ્દે-શબ્દમાંથી મળી રહે છે.

**અનુક્રમણિકા**


| | | |
|---|---|---|
| ૦૧ | વચનામૃત (ગ્રંથ એટલે સંસારની સમસ્યાઓની જડીબુટ્ટી) | ૦૪ |
| ૦૨ | સત્સંગ સમાચાર પત્રિકા | ૨૨ |



હમારા લક્ષ્ય
विश्व का कल्याण हो...

લક્ષ્ય ટી.વી. ચેનલ દ્વારા...
સમગ્ર ગુજરાતમાં ઘેર બેઠા આપ માણો...

| | | |
|---|---|---|
| પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની | પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે | પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે |
| દિવ્ય અમૃતવાણી | સત્સંગ કથાપારાયણ | સત્સંગ કથામૃત |
| સમય : દરરોજ | દરરોજ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦ | દરરોજ સવારે ૬.૦૦ થી ૭.૦૦ |

**શ્રી વચનામૃત**
**દ્વિશતાબ્દી મહોત્સવ વર્ષ**



# વચનામૃત



## ગ્રંથ એટલે સંસારની સમસ્યાઓની જડીબુટ્ટી

ભારતીય સંસ્કૃતિએ વિશ્વને આપેલી **અનેક ભેટો**માં ધર્મગ્રંથોનું નામ **અગ્રેસર** છે. જીવનના ગહનમાં ગહન પ્રશ્નોની અદ્‌ભુત છણાવટ કરતા ભારતીય ધર્મગ્રંથો જેવા અધ્યાત્મસમૃદ્ધ કે વિચારમંથનથી ભરપૂર **ધર્મશાસ્ત્રો,** વિશ્વની અન્ય કોઈપણ સંસ્કૃતિએ ક્યારેય આપ્યાં નથી. પરંતુ ભૌતિકવાદના વાયરાઓ આપણા આ અમૂલ્ય વારસા તરફ નવી પેઢીમાં અરુચિ પેદા કરી રહ્યા છે. પશ્ચિમીઓએ બતાવેલા છીછરા તર્ક અને પલટાતી વૈજ્ઞાનિક સાબિતીઓના જાળામાંથી ધર્મગ્રંથોને જોવાની અને મૂલવવાની જાણે ફેશન બની છે. શાસ્ત્રોમાં અશ્રદ્ધા રાખવી એ જાણે બૌદ્ધિકતાનું લક્ષણ ગણાવા લાગ્યું છે.

પારલૌકિક યા **આધ્યાત્મિક વિષયો** ઈન્દ્રિયો-અંતઃકરણથી અગમ્ય છે, અગોચર છે. તે મન, વાણી અને બુદ્ધિથી પર છે. જીવ-ઈશ્વર-માયા-બ્રહ્મ અને પરબ્રહ્મનાં સ્વરૂપો, ધર્મ-અધર્મ, પાપ-પુણ્ય, સ્વર્ગ-નરક, પૂર્વજન્મ-પુનર્જન્મ, કર્મસિદ્ધાંત, બંધન અને મોક્ષનું સ્વરૂપ અને મોક્ષના ઉપાયો વગેરે આધ્યાત્મિક બાબતો માનવબુદ્ધિની ક્ષમતાની બહાર છે. તે તત્ત્વો કેવળ બુદ્ધિના તર્કથી કે અનુમાનથી જાણી-સમજી શકાતાં નથી. તેમજ વૈજ્ઞાનિક પ્રયોગશાળામાં સિદ્ધ થઈ શકતાં નથી. તેથી આવી બાબતોમાં તો ભગવાન અને સત્પુરુષોનાં વચનો કે તેમનાં રચેલાં ધર્મગ્રંથોમાં શ્રદ્ધા જ સહાયભૂત થઈ શકે છે. ધર્મગ્રંથોમાં દૃઢીભૂત શ્રદ્ધાને આધારે અને સહારે જ અગમ્ય વસ્તુની **પ્રતીતિ** અને **અનુભૂતિ** શક્ય બને.



'शास्यतेऽनेनेति शास्त्रम्' અર્થાત્ જેના દ્વારા શાસન થાય, આદેશ કે શિક્ષણ અપાય તે **શાસ્ત્ર** છે. સ્વયં ભગવાને ઉચ્ચારેલ પરાવાણી કે ભગવાન અને અધ્યાત્મના સાક્ષાત્ અનુભવી ઋષિઓ-સત્પુરુષોએ આપેલ **ઉપદેશ** યા લખેલ **સદ્‌ગ્રંથો** જ સત્‌શાસ્ત્રો છે. હિન્દુ સંસ્કૃતિની સનાતન પરંપરામાં વેદો, ઉપનિષદો, પુરાણો, સ્મૃતિઓ, ધર્મગ્રંથો, સૂત્રગ્રંથો તથા રામાયણ, મહાભારત, ભાગવત, સત્સંગિજીવન જેવા ઈતિહાસાદિ સભર ગ્રંથો વગેરે **સત્‌શાસ્ત્રો** છે. સત્‌શાસ્ત્રોમાં **શ્રદ્ધા** એટલે આ શાસ્ત્રોમાં જે કાંઈ **આધ્યાત્મિક જ્ઞાન** આપવામાં આવેલ છે તે સત્ય છે, પ્રમાણભૂત છે, તેમાં લેશમાત્ર સંશય કે શંકાનો અવકાશ નથી એવો દઢતાપૂર્વકનો **અફર વિશ્વાસ** યા નિશ્ચય.

હિન્દુ પરંપરાનાં ઉપરોક્ત ગ્રંથો-શાસ્ત્રો **પ્રમાણભૂત** છે કારણ કે તેમના દ્રષ્ટા, રચયિતા કે કર્તારૂપે સ્વયં **ભગવાન** કે **સંતો-મહર્ષિઓ** છે. કોઈ ગ્રંથનાં વચનો ખોટાં હોવાની શક્યતા; તો જ ઊભી થાય કે જો તેના લેખકને કોઈ પ્રકારનો યથાર્થ આધ્યાત્મિક અનુભવ ન હોય, જેમાં કોઈપણ પ્રકારનો સ્વાર્થ હોય અથવા તો કોઈને દુઃખી કરવાની, અવળે માર્ગે ચડાવીને હેરાન કરવાની માનવ સહજવૃત્તિ હોય. એવા દંભી કે સ્વાર્થી મનુષ્યોએ રચેલાં પુસ્તકોમાં સંપૂર્ણ શ્રદ્ધા ન રાખી શકાય તે **સ્વાભાવિક** છે. પણ જેમને અધ્યાત્મજ્ઞાનનો સાક્ષાત્ અને યથાર્થ **અનુભવ** છે, નિજાનંદમાં સંતૃપ્ત અને પૂર્ણકામ હોવાને લીધે જેમને કોઈ પાસેથી કોઈપણ પ્રકારનો (સત્તા-સંપત્તિ-સુંદરી, માન-મોટપ, કીર્તિ-પદ-પ્રતિષ્ઠાનો) સ્વાર્થ નથી, જેમના દિલમાં કોઈને દુઃખી કરવાનો સ્વપ્નેય ઈરાદો કે સંકલ્પ સુદ્ધાં નથી પરંતુ જેમના હૈયે અનંત જીવોના આ લોક અને પરલોકના પ્રેય અને શ્રેયની જ **શુભભાવના** વસી છે, તેમનાં વચનોમાં-ગ્રંથોમાં શંકાને કોઈ સ્થાન જ નથી. તે સર્વે વચનો સત્ય અને પ્રમાણભૂત જ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડા મધ્ય પ્રકરણના ૩૦મા **વચનામૃત**માં કહે છે, 'શ્રીમદ્ ભાગવતાદિક જે સત્‌શાસ્ત્ર તે સત્ય છે અને એ શાસ્ત્રમાં જે કહ્યું હોય તે તેવી જ રીતે થાય છે પણ બીજી રીતે થતું નથી.'

ભગવાન શ્રીહરિએ શાસ્ત્રોના પ્રામાણિકપણાની દઢાવેલ શ્રદ્ધાને આપણે એક **સંદર્ભ** દ્વારા સમજીએ. શ્રીમદ્ ભાગવતના બારમા સ્કંધના બીજા અને ત્રીજા અધ્યાયમાં કળિયુગનું **વિસ્તૃત વર્ણન** કર્યું છે. તેમાંથી કેટલાક **અંશો** આ પ્રમાણે છે :

'કળિયુગમાં જેની પાસે **ધન** હશે, તેને લોકો કુલીન, સદાચારી અને સદ્‌ગુણી માનશે. જેના હાથમાં શક્તિ હશે તે જ ધર્મ અને ન્યાયની વ્યવસ્થા પોતાને **અનુકૂળ** કરાવી શકશે. વ્યવહારની નિપુણતા સચ્ચાઈ અને પ્રામાણિકતામાં રહેશે નહિ, જે જેટલા પ્રમાણમાં છળ-કપટ કરી શકશે તે તેટલા પ્રમાણમાં **વ્યવહારકુશળ** મનાશે.

જે લાંચ દેવામાં અથવા ધન ખર્ચવામાં અસમર્થ હશે તેને **યથાર્થ ન્યાય** મળશે નહીં.

જે બોલવા ચાલવામાં જેટલો ચાલાક હશે તેને તેટલો **મોટો પંડિત** માનવામાં આવશે.

જે જેટલો અધિક દંભ-પાખંડ કરી શકશે, તેને તેટલો **મોટો સાધુ** સમજવામાં આવશે.

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા શૂદ્રોમાં જે બળવાન હશે તે જ **રાજા** થઈ બેસશે. આ નીચ રાજા અત્યંત નિર્દય અને ક્રૂર હશે. તે લોભી તો એટલા હશે કે એમાં અને લૂટારામાં કોઈ ફરક રહેશે નહિ !! રાજા-મહારાજા **ડાકુ-લૂટારા** જેવા થશે.

ધર્મમાં પાખંડની પ્રધાનતા થઈ જશે.

પાખંડી લોકો પોતાના નવા મતને ચલાવીને મનમાની રીતે **વેદોનું તાત્પર્ય** કાઢીને વેદોને દૂષિત કરશે.

રાજાઓ પ્રજાની બધી જ કમાણી હડપ કરીને તેનું શોષણ કરશે.

વાનપ્રસ્થીઓ - તપસ્વીઓ ગામમાં રહેવા લાગશે ને સંન્યાસીઓ ધનના અત્યંત લોભી-લાલચુ અને અર્થપિશાચ થઈ જશે.

વ્યાપારી લોકોનાં હૃદય અતિ શૂદ્ર થઈ જશે અને કોડી જેટલા દ્રવ્ય માટે પણ દગા કરશે.

મનુષ્યો ખૂબ જ લંપટ થઈ જશે અને પોતાની કામવાસનાની તૃપ્તિ માટે જ કોઈ સાથે પ્રેમ કરશે. તેઓ વિષયવાસનાને વશ થઈને માતાપિતા, ભાઈ અને મિત્રોને પણ છોડી દેશે.

પુત્ર પોતાનાં વૃદ્ધ મા-બાપનું પણ રક્ષણ-પાલન-પોષણ નહીં કરે, ઉલટી તેમની ઉપેક્ષા કરશે.'

જેમ ક્રિકેટની કોમેન્ટ્રી પોતાની નજરે જોતાં જોતાં કોઈ આપે છે તેમ પાંચ હજાર વર્ષ પહેલાં વ્યાસજીએ આજના કળિયુગના વાતાવરણનો આંખે દેખ્યો **અહેવાલ** આપ્યો છે. તેથી તો કળિયુગના વર્ણનનો **પ્રત્યેક શબ્દ** આજે આપણે પ્રત્યક્ષપણે અનુભવી રહ્યા છીએ. તેથી શાસ્ત્રોની વાત પ્રમાણભૂત છે તેની **પ્રતીતિ** થયા વગર રહેતી નથી. વળી, વિધિનિષેધ સત્ય છે પણ કલ્પિત નથી એ વાત કરતાં **શ્રીજીમહારાજ** ગઢડા મધ્ય પ્રકરણના છઠ્ઠા **વચનામૃત**માં કહે છે, 'મોટાપુરુષોએ જે શાસ્ત્રમાં પ્રતિપાદન કર્યું છે તે સર્વે **સત્ય** છે. ત્યાં **દષ્ટાંત** છે જે જેમ કોઈક મોટો શાહુકાર હોય ને તે કોઈને હૂંડી લખી આપે ત્યારે કાગળમાં તો એકે રૂપિયો જણાતો નથી પણ રૂપિયા સાચા છે. તે જ્યારે હૂંડી જે

શાહુકારની ઉપર લખી હોય તેને આપે ત્યારે એ હૂંડીમાંથી જ રૂપિયાનો ઢગલો થાય છે. તેમ મોટાપુરુષની આજ્ઞાએ કરીને જે **ધર્મ** પાળે ત્યારે હમણાં તો વિધિનિષેધમાં વિશેષ જણાતું નથી, પણ અંતે મોટાપુરુષની આજ્ઞા પાળનારાનું **કલ્યાણ** થાય છે, જેમ હૂંડીમાંથી રૂપિયા નીસરે છે તેમ, અને જે સમર્થ શાહુકારે હૂંડી લખી હોય અને તેનો વિશ્વાસ ન કરે તેને મૂર્ખ જાણવો અને તેને તે શાહુકારના પ્રતાપની ખબર જ નથી. તેમ નારદ, સનકાદિક, વ્યાસ, વાલ્મીકિ ઈત્યાદિક જે મોટાપુરુષ તેનાં વચનનો જેને વિશ્વાસ નથી તેને નાસ્તિક જાણવો ને મહાપાપિષ્ઠ જાણવો.'

સત્‌શાસ્ત્રોમાં અનેક પ્રકારના **વિધિનિષેધો**નું પ્રતિપાદન જોવા મળે છે. તેના પાલનથી **લાભ** અને ઉલ્લંઘનથી **ગેરલાભ** થાય છે તેમ ભગવાન શ્રી સ્વામિનારાયણ શિક્ષાપત્રીના ૮માં શ્લોકમાં કહે છે : 'ये पालयन्ति मनुजाः सच्छास्त्रप्रतिपादितान् । सदाचारान् सदा तेऽत्र परत्र च महासुखाः ।।' - અને તે સદાચારોનું ઉલ્લંઘન કરીને જે મનુષ્ય પોતાના મનમાં આવે તેમ વર્તે છે તે તો કુબુદ્ધિવાળા છે અને આ લોક ને પરલોકને વિષે નિશ્ચે મોટા કષ્ટને જ પામે છે.

ભગવાન **શ્રીકૃષ્ણચંદ્રજી** પણ ભગવદ્ ગીતામાં કહે છે : 'यः शास्त्रविधिमुत्सृज्य वर्तते कामकारतः । न स सिद्धिमवाप्नोति न सुखं न परां गतिम् ।।' (૧૬/૨૩) - જે (મનુષ્ય) શાસ્ત્રવિધિ છોડી દઈને મનમાની રીતે વર્તે છે, તે સિદ્ધિ, સુખ કે પરમગતિ પામતો નથી.

આ વાતની નક્કર સત્યતા અને પ્રમાણભૂતતાનો અનુભવ આજે આપણને સૌને છે. શાસ્ત્રોની એક આજ્ઞા 'व्यभिचारो न कर्तव्यः'ના પાલનથી શો **લાભ** અને ઉલ્લંઘનથી શું **નુકસાન** થાય છે તેનું આજે નિરૂપણ કરવાની આવશ્યકતા રહેતી નથી.

તેથી ભગવાન **શ્રીહરિ** ગઢડા મધ્ય પ્રકરણના ૨૭મા **વચનામૃત**માં કહે છે : 'દેશકાળાદિક જે આઠ છે તેમાં જેવું પૂર્વસંસ્કારમાં જોર છે તેવું જ એકએકમાં છે, માટે જ્યારે એનો યોગ થાય ત્યારે જરૂર બંધન થાય છે અને પૂર્વસંસ્કારનું જોર રહેવા દેતા નથી. અને જો સંસ્કારમાં લખ્યું એટલું જ સુકૃત-દુષ્કૃત થાય તો વેદ, શાસ્ત્ર ને પુરાણ તેને વિષે, વિધિનિષેધના ભેદ કહ્યા છે જે 'આ કરવું ને આ ન કરવું' તે સર્વે ખોટું થઈ જાય તે એ મોટાનાં કરેલાં શાસ્ત્ર તો ખોટાં થાય જ નહીં.'

આમ, શ્રીજીમહારાજને સત્‌શાસ્ત્રોમાં શ્રદ્ધા છે એટલે તો એમણે વચનામૃતમાં જે કંઈ વાત કરી છે તે શાસ્ત્રોના સારરૂપે સિદ્ધાંત તારવીને કહી છે તે શ્રીજીમહારાજના જ **પ્રાસાદિક શબ્દો**માં જોઈએ :

- વેદ, શાસ્ત્ર, પુરાણ, ઈતિહાસ એ સર્વે ગ્રંથોનો એ જ ગલિતાર્થ છે, આ જે અમે વાત કરી છે તે સર્વે શાસ્ત્રનું **રહસ્ય** છે... (વચ.ગ.મ. ૧)

- ચાર વેદ, સાંખ્ય શાસ્ત્ર, યોગશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, અઢાર પુરાણ, ભારત, રામાયણ અને નારદપંચરાત્ર એ આદિક સર્વશાસ્ત્રનું એ જ **સિદ્ધાંત** છે જે... (વચ. ગ.મ. ૮)

- અમે તમને વાત કહી તે સર્વે શાસ્ત્રનો **સિદ્ધાંત** છે. (વચ. ગ.મ. ૧૩)

- જેટલા કલ્યાણને અર્થે વ્યાસજીએ ગ્રંથ કર્યા છે તે સર્વે સુરત રાખીને અમે સાંભળ્યા, તે સર્વે શાસ્ત્રમાં એ જ **સિદ્ધાંત** છે... (વચ. ગ.મ. ૨૧)

- આ વાર્તા જે અમે કરી છે તે કેવી છે તો વેદ, શાસ્ત્ર, પુરાણ, આદિક જે જે કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે **શબ્દમાત્ર** છે, તે સર્વેનું અમે શ્રવણ કરીને તેનું **સાર** કાઢીને આ વાર્તા કરી છે, તે **પરમ રહસ્ય** છે ને સારનું પણ **સાર** છે. (વચ. ગ.મ. ૨૮)

- ચાર વેદ, પુરાણ, ઈતિહાસ એ સર્વેમાં **એ જ વાર્તા** છે જે... (વચ. ગ.મ. ૫૯)

- વેદ, પુરાણ, ઈતિહાસ ને સ્મૃતિઓ એ સર્વે શાસ્ત્રમાંથી અમે એ **સિદ્ધાંત** કર્યો છે જે... (વચ. ગ.અં. ૧૦)

- અમે સર્વે શાસ્ત્ર સાંભળી એ **સિદ્ધાંત** કર્યો છે... (વચ. ગ.અં. ૩૬)

- અમે સાંખ્યાદિક શાસ્ત્રના વિચારે કરીને એમ **નિશ્ચય** કર્યો છે જે... (વચ. ગ.અં. ૩૮)

- એ માયા ટાળીને ભગવાનમાં પ્રીતિ કરવી એટલો સર્વ શાસ્ત્રોનો **સિદ્ધાંત** છે. (વચ. ગ.અં. ૩૯)

ટૂંકમાં, ભગવાન શ્રી સ્વામિનારાયણને સત્‌શાસ્ત્રોમાં **દૃઢ પ્રતીતિ** અને **શ્રદ્ધા** છે તેથી તો તેઓ જે કાંઈ વાત કરે છે તે સર્વ શાસ્ત્રોના આધારે, તેમના સારરૂપે જ કરે છે પણ કેવળ બુદ્ધિની કલ્પનાથી વાત કરતા નથી. સાથે સાથે તેમને કલ્પિત ગ્રંથોમાં લેશમાત્ર શ્રદ્ધા પણ નથી, તેથી અધ્યાત્મની કોઈ વાત કલ્પિત ગ્રંથોના આધારે થતી હોય તો તે તેમને માન્ય નથી. શ્રીજીમહારાજ ગઢડા પ્રથમ પ્રકરણના ૩૯મા **વચનામૃત**માં એક વેદાંતીને **પ્રશ્ન** પૂછતાં કહે છે : 'તમે એક બ્રહ્મનું પ્રતિપાદન કરો છો ને તે વિના જે જીવ, ઈશ્વર, માયા અને જગત તથા વેદ, શાસ્ત્ર, પુરાણ તે સર્વેને મિથ્યા કહો છો, એ વાત અમને સમજાતી નથી તથા માન્યામાં આવતી નથી. માટે તેમને પૂછીએ છીએ તેનો ઉત્તર કરો તે વેદ, શાસ્ત્ર, પુરાણ, સ્મૃતિ અને ઈતિહાસ તેની સાખ્યે કરીને કરો, પણ કોઈક કલ્પિત ગ્રંથને વચને કરીને કરશો તો અમે તેને નહિ માનીએ અને જો વ્યાસજીના વચને કરીને કરશો તો

અમારા માન્યામાં આવશે કેમ જે અમારે વ્યાસજીના વચનમાં **દૃઢ પ્રતીતિ** છે.'

ભગવાન શ્રી સ્વામિનારાયણને વિશેષતઃ વેદવ્યાસજીના વચનમાં **વિશેષ પ્રતીતિ**-શ્રદ્ધા છે તેવું તેઓ વચનામૃત અં. ૧૦ અને વર. ૧૮માં પણ સકારણ સમજાવે છે. તેથી તો તેમણે **અતિપ્રમાણરૂપ** જે **શાસ્ત્રો** - (૧) વેદ (૨) વ્યાસસૂત્ર (૩) શ્રીમદ્ ભાગવત પુરાણ (૪) મહાભારતને વિષે વિષ્ણુસહસ્રનામ (૫) ભગવદ્ગીતા (૬) વિદુરનીતિ (૭) સ્કંદપુરાણના વિષ્ણુખંડ માંહીલું વાસુદેવમાહાત્મ્ય તથા (૮) યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ. માન્ય કરેલાં છે તેમાંથી પ્રથમ સાત તો વ્યાસજી દ્વારા જ રચિત કે સંપાદિત છે.

ભગવાન કે મોટાપુરુષોનાં કરેલાં **સત્‌શાસ્ત્રો** સત્ય છે, પ્રમાણભૂત છે એવી દૃઢ પ્રતીતિ, આસ્થા, આસ્તિકતા કે શ્રદ્ધા રાખનારને નીચે પ્રમાણે **અનેક લાભ** થાય છે.

જીવનની સાચી દિશા હાથમાં આવ્યા વગર અનંત જન્મોથી વિષયની અતૃપ્ત આગમાં શેકાતો, દાઝતો અને તેને લીધે દુઃખી થતો આ જીવ લખચોરાશીમાં ભટકી રહ્યો છે. ભગવાન, મોટાપુરુષ કે શાસ્ત્રોનાં વચનોના આધારે જ જીવનનું સાચું ધ્યેય કેવું હોવું જોઈએ (આત્માની મુક્તિ અને પરમાત્માની પ્રાપ્તિ વગેરે) અને કેવું ન હોવું જોઈએ (જેમ કે - કંચન, કામિની, કીર્તિ, સત્તા-સંપત્તિ, પ્રતિષ્ઠા વગેરે મુખ્ય ન થાય) તે સમજાય છે.

> અનિષ્ટમાંથી **નિવૃત્તિ** અને ઈષ્ટમાં **પ્રવૃત્તિ** પણ **શાસ્ત્રો દ્વારા જ** થાય છે. શાસ્ત્રોના આધારે દરેક વસ્તુના યથાર્થ જ્ઞાનથી જે અનિષ્ટરૂપ છે તેવાં પાપ, અધર્મ, સ્વભાવો, દોષો, તૃષ્ણા, વાસના, પ્રવૃત્તિ અને અનિષ્ટ કાર્યોમાંથી નિવૃત્તિ પામીને ઈષ્ટ એવાં પુણ્ય, ધર્મ, સદ્ગુણોથી યુક્ત કાર્યોમાં અને આત્મા-પરમાત્માના સાક્ષાત્કારને માર્ગે પ્રવૃત્ત થવાય છે.

મુક્તિના ઉપાયરૂપે જીવની પોતાની પાત્રતા-યોગ્યતા-સ્થિતિ પ્રમાણેનો **સાધનામાર્ગ** પણ શાસ્ત્રોના આધારે જ સમજી - જાણી શકાય છે.

શરૂઆતમાં કહ્યા પ્રમાણે ઈન્દ્રિયો-અંતઃકરણને અગોચર એવા જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મના સ્વરૂપોનું તથા ધર્મ-અધર્મ વગેરે આધ્યાત્મિક બાબતોનું જ્ઞાન પણ શાસ્ત્રો થકી જ થાય છે.

ભગવાન **શ્રીહરિ** ગઢડા અંત્ય પ્રકરણના ૨૭મા **વચનામૃત**માં કહે છે, 'આ સંસારમાં પ્રથમ બાળકપણામાંથી મા-બાપ, વર્ણ-આશ્રમ, નાત, જાત, પશુ, મનુષ્ય, જળ, અગ્નિ, પૃથ્વી, વાયુ, આકાશ ઈત્યાદિક જે જે પદાર્થનો નિશ્ચય થયો છે. શાસ્ત્રે કરીને થયો છે. અને શાસ્ત્ર ન સાંભળ્યાં હોય તો લોકમાં જે શબ્દ તે શાસ્ત્રથી જ પ્રવર્ત્યા છે.

એવી જ રીતે સારંગપુર પ્રકરણના ૧૩મા **વચનામૃત**માં **શ્રીજીમહારાજ** કહે છે, 'જેને ભગવાનનો નિશ્ચય થાય છે તેને શાસ્ત્રે કરીને જ થાય છે, કાં જે શાસ્ત્રમાં પરમેશ્વરનાં પણ લક્ષણ કહ્યાં હોય અને સંતનાં પણ કહ્યાં હોય; માટે શાસ્ત્રે કરીને નિશ્ચય થાય તે જ અચળ રહે છે અને શાસ્ત્ર વિના પોતાને મને કરીને જે નિશ્ચય કર્યો હોય તે નિશ્ચય ટળી જાય છે. અને વળી ધર્મની પ્રવૃત્તિનું કારણ છે તે પણ શાસ્ત્ર જ છે; અને જેણે શાસ્ત્ર કોઈ દિવસ સાંભળ્યાં જ નથી એવા જે અજ્ઞાની જીવ તેમને વિષે પણ મા, બેન, દીકરી અને સ્ત્રી તેની વિગતિરૂપ જે ધર્મની મર્યાદા તે આજ સુધી ચાલી આવે છે તેનું કારણ પણ શાસ્ત્ર જ છે, કેમ કે શાસ્ત્રમાંથી કોઈકે પ્રથમ એવી વાત સાંભળી છે તે પરંપરાએ કરીને સર્વે લોકમાં પ્રવર્તી છે માટે જેને ભગવાનનો નિશ્ચય થઈને ટળી જાય છે તેને તો શાસ્ત્રના વચનની પ્રતીતિ જ નથી, એ તો કેવળ મનમુખી છે ને નાસ્તિક છે અને જો શાસ્ત્રની પ્રતીતિ હોય તો કોઈ કાળે પરમેશ્વરથી વિમુખ થાય જ નહિ, કાં જે શાસ્ત્રમાં તો અનંત જાતનાં ભગવાનનાં ચરિત્ર છે; માટે પરમેશ્વર ગમે તેવાં ચરિત્ર કરે પણ શાસ્ત્રથી બારણે હોય જ નહિ. માટે જેને શાસ્ત્રના વચનનો વિશ્વાસ હોય તેને જ ભગવાનના સ્વરૂપનો નિશ્ચય અડગ થાય છે અને કલ્યાણ પણ તેનું જ થાય છે અને તે ધર્મમાંથી પણ કોઈ કાળે ડગે જ નહિ.'

તેથી તો ભગવાન **શ્રીહરિ** પંચાળા પ્રકરણના ચોથા **વચનામૃત**માં વેદ, પુરાણ, મહાભારત, સ્મૃતિઓ ઈત્યાદિક શાસ્ત્રમાં ભગવાનના અનાદિ સનાતન દિવ્યસ્વરૂપ તથા મનુષ્ય સ્વરૂપનાં કરેલ નિરૂપણ દ્વારા ભગવાનના નિશ્ચયની દૃઢતા કરવાનું કહે છે કે જેથી ભગવાનના નિશ્ચયમાં સંશય ન થાય.

એવી જ રીતે લોયા પ્રકરણના ૯મા વચનામૃતમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની ઉત્પત્તિ પણ બૃહદારણ્યક, છાંદોગ્ય, કઠવલ્લી આદિક ઉપનિષદ, ભગવદ્ગીતા, વાસુદેવ-માહાત્મ્ય, વ્યાસસૂત્ર, યાજ્ઞવલ્ક્યસ્મૃતિ, મનુસ્મૃતિ, પરાશરસ્મૃતિ, શંખલિખિતસ્મૃતિ વગેરે સદ્ગ્રંથો તથા ભગવાનના અવતારોની લીલા અને કથાના શ્રવણ થકી જ દર્શાવેલ છે.

અનિષ્ટમાંથી **નિવૃત્તિ** અને ઈષ્ટમાં **પ્રવૃત્તિ** પણ **શાસ્ત્રો**

**દ્વારા જ** થાય છે. શાસ્ત્રોના આધારે દરેક વસ્તુના યથાર્થ જ્ઞાનથી જે અનિષ્ટરૂપ છે તેવાં પાપ, અધર્મ, સ્વભાવો, દોષો, તૃષ્ણા, વાસના, પ્રવૃત્તિ અને અનિષ્ટ કાર્યોમાંથી નિવૃત્તિ પામીને ઈષ્ટ એવાં પુણ્ય, ધર્મ, સદ્‌ગુણોથી યુક્ત કાર્યોમાં અને આત્મા-પરમાત્માના સાક્ષાત્કારને માર્ગે પ્રવૃત્ત થવાય છે. તેથી અનંત દુઃખોમાંથી મુક્ત થઈને **શાશ્વત સુખ** અને **શાંતિ**ના ભોક્તા બની શકાય છે.

આ રીતે સત્‌શાસ્ત્રોમાં શ્રદ્ધા રાખીને તેનું વાંચન, શ્રવણ, મનન, ચિંતન કરવાથી **અનેક ફાયદા** થાય છે. શાસ્ત્રોમાં શ્રદ્ધા રાખવાથી નુકસાન લેશમાત્ર નથી પરંતુ લૌકિક અને પારલૌકિક બન્ને દૃષ્ટિએ લાભ, લાભ ને લાભ જ છે. જો શાસ્ત્રોમાં શ્રદ્ધા રાખવાથી લાભ જ થતો હોય તો પછી સર્વેને સત્‌શાસ્ત્રોમાં શ્રદ્ધા કેમ રહેતી નથી ? ને તેમાં શંકા-કુશંકા કેમ રહ્યા કરે છે ? તેમજ શાસ્ત્રોમાં શ્રદ્ધા કેવી રીતે રહે ? આ **પ્રશ્નો**નું **સમાધાન** હવે આપણે મેળવીશું.

ભારતીય સંસ્કૃતિએ વિશ્વને આપેલી **અનેક ભેટો**માં સત્‌શાસ્ત્રોનું સ્થાન **અગ્રેસર** છે. જીવનના ગહનમાં ગહન પ્રશ્નોની અદ્‌ભુત છણાવટ કરતા **ભારતીય ધર્મગ્રંથો** જેવા અધ્યાત્મસમૃદ્ધ કે વિચારમંથનથી ભરપૂર **ધર્મશાસ્ત્રો**, વિશ્વની અન્ય કોઈ પણ સંસ્કૃતિએ ક્યારેય આપ્યાં નથી. પરંતુ ભૌતિકવાદના વાયરાઓ આપણા આ અમૂલ્ય વારસા તરફ નવી પેઢીમાં **અરુચિ** પેદા કરી રહ્યા છે. પશ્ચિમીઓએ બતાવેલા છીછરા તર્ક અને પલટાતી વૈજ્ઞાનિક સાબિતીઓના જાળામાંથી સત્‌શાસ્ત્રોને જોવાની અને મૂલવવાની જાણે **ફેશન** બની છે. શાસ્ત્રોમાં અશ્રદ્ધા રાખવી એ જાણે બૌદ્ધિકતાનું **લક્ષણ** ગણાવા લાગ્યું છે.

ભારતીય સંસ્કૃતિએ વિશ્વને આપેલી **અનેક ભેટો**માં સત્‌શાસ્ત્રોનું સ્થાન **અગ્રેસર** છે. જીવનના ગહનમાં ગહન પ્રશ્નોની અદ્‌ભુત છણાવટ કરતા **ભારતીય ધર્મગ્રંથો** જેવા અધ્યાત્મસમૃદ્ધ કે વિચારમંથનથી ભરપૂર **ધર્મશાસ્ત્રો**, વિશ્વની અન્ય કોઈ પણ સંસ્કૃતિએ ક્યારેય આપ્યાં નથી. પરંતુ ભૌતિકવાદના વાયરાઓ આપણા આ અમૂલ્ય વારસા તરફ નવી પેઢીમાં **અરુચિ** પેદા કરી રહ્યા છે

ભગવાન **શ્રી સ્વામિનારાયણ**નાસ્તિકપણા(અશ્રદ્ધા)નાં કારણો સમજાવતાં **વચનામૃત** ગઢડા પ્રથમ પ્રકરણના ૬૮માં કહે છે, 'નાસ્તિકપણાનો હેતુ તો નાસ્તિકના ગ્રંથ સાંભળવા એ જ છે અને નાસ્તિકના ગ્રંથને વિષે જેને પ્રતીતિ હોય તેનો જે સંગ તે પણ નાસ્તિકપણાનો હેતુ છે. અને વળી કામ, ક્રોધ, લોભ, અહંકાર, માન અને ઈર્ષ્યા એ પણ **નાસ્તિકપણાના હેતુ** છે; કેમ જે એ માંયલો એકે સ્વભાવ વર્તતો હોય ત્યારે નારદ-સનકાદિક જેવા સાધુ વાત કરે તોય પણ મનાય નહિ.' અહીં શ્રીજીમહારાજ નાસ્તિકપણામાં મુખ્ય **બે કારણો** બતાવે છે.

(૧) બાહ્ય કુસંગ (૨) કામાદિક વિકારો અર્થાત્ આંતરિક કુસંગ

(૧) **બાહ્ય કુસંગ :**

શ્રીજીમહારાજે વચનામૃત ગ.પ્ર. ૪૮માં ચાર પ્રકારના **બાહ્ય કુસંગીઓ** જણાવ્યા છે. શુષ્કવેદાંતીઓ, કુંડાપંથીઓ, શક્તિપંથીઓ અને નાસ્તિકો. આ ચારેય પ્રકારના કુસંગીઓના યોગથી તેમનાં રચેલાં શાસ્ત્રોનાં વાંચન યા શ્રવણથી સત્શાસ્ત્રોમાં કુશંકા-કુતર્ક ઊઠે છે. અશ્રદ્ધા ઉત્પન્ન થાય છે અને કલ્પિત ગ્રંથોમાં શ્રદ્ધા જન્મે છે. તેથી જીવના આત્યંતિક કલ્યાણના ઉપાયરૂપ ભગવાનની ઉપાસનાના માર્ગથી અને ભગવાનની પ્રસન્નતાના સાધનરૂપ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિમાર્ગથી પડી જવાય છે. તેમાંય ખાસ કરીને તો આજના કહેવાતા કેટલાક આધુનિક બૌદ્ધિકો, સાહિત્યકારો યા લેખકોનાં તર્કબદ્ધ લેખો, પુસ્તકો યા પ્રવચનોમાં આપણી પ્રાચીન સંસ્કૃતિમાં સનાતન સત્શાસ્ત્રોમાં અશ્રદ્ધા નિપજાવનારા ભારોભાર તર્કો-કુતર્કો, સંશયાત્મક પ્રશ્નો હોય છે. સતત તેમના યોગથી ગમે તેવા શ્રદ્ધાળુના દિલમાં પણ કુશંકાના કીડા સળવળવા માંડે છે. પરમ આસ્તિક પણ નાસ્તિક શિરોમણિ બની જાય છે.

તેથી ભગવાન શ્રીહરિ અને વચનામૃતો (પ્ર. ૪૮, પ્ર. ૪૨, કા. ૧૦, લો. ૬, મ. ૧૮, મ. ૧૯, મ. ૩૫, વ. ૧૨, વ. ૨૦, અં. ૨૮, અં. ૩૬)માં આવા કુસંગીઓ કે તેનાં લેખો-પુસ્તકો અને પ્રવચનોથી તો ડરતા રહીને દૂર રહેવાનું જ આગ્રહપૂર્વકનું સૂચન કરે છે. આવા કુસંગથી દૂર રહીએ તો જ શાસ્ત્રોમાં શ્રદ્ધા ટકી રહે છે.

(૨) **કામાદિક વિકારો** અર્થાત્ **આંતરિક કુસંગ :**

જ્યારે મનુષ્યમાં વિષયો ભોગવવાની લાલસા-તૃષ્ણા તીવ્ર બને છે ત્યારે પુણ્ય-પાપ, ધર્મ-અધર્મ, સ્વર્ગ-નરક, જન્મ-મરણની લખચોરાશી, કર્મસિદ્ધાંત, બંધન-મુક્તિ, એ બધું જ ગપ્પાં લાગે છે. 'ખાઓ, પીઓ અને મોજમજા કરો' એવા સિદ્ધાંતવાદીઓને શાસ્ત્રોમાં શ્રદ્ધા ક્યાંથી હોય ? દિલમાં જ્યારે કામ વ્યાપે, ક્રોધ વ્યાપે, લોભ વ્યાપે કે અહંકાર વ્યાપે ત્યારે સાક્ષાત્ ભગવાન કે એવા પવિત્ર અનુભવી સંતો પ્રત્યક્ષપણે સમજાવે છતાં એ કોઈનું માનવા

તૈયાર ન થાય તો પછી પરોક્ષ શાસ્ત્રોમાં તો ક્યાંથી શ્રદ્ધા રહે ? કામથી વ્યાકુળ રાવણ કે લોભ અને સત્તાના મોહથી વ્યાકુળ દુર્યોધનને સમજાવવામાં કેવા કેવા ધુરંધરો નિષ્ફળ ગયા ! એમને શાસ્ત્રોના વિધિ-નિષેધની શ્રદ્ધા અને પરવા ક્યાંથી હોય?

આ કામાદિક વિકારો-દોષોનો અર્થાત્ આંતરિક કુસંગનો ત્યાગ કરવાનો પ્રામાણિક પ્રયત્ન કરવામાં આવે તો ધીરે ધીરે શાસ્ત્રોમાં શ્રદ્ધા દૃઢ થતી જાય છે.

વચનામૃતના આધારે નાસ્તિકપણાનાં ઉપરોક્ત બે **મુખ્ય** કારણો ઉપરાંત બીજાં પણ **કેટલાંક કારણો** જોવા મળે છે.

(૧) પોતાની **લૌકિક બુદ્ધિનું ડહાપણ :**

આજના યુગમાં શાસ્ત્રોમાં અશ્રદ્ધા જન્માવનારું આ મુખ્ય પરિબળ છે. વિજ્ઞાનની પાંખે ઊડનારા અને તેની દૃષ્ટિથી જોનારા બુદ્ધિજીવીઓને તર્કથી, બુદ્ધિથી, ગાણિતિક ગણતરી **(mathematical calculations)** થી કે પ્રયોગ-શાળામાં પ્રયોગથી જ બધું સિદ્ધ કરવું ગમે છે. એ રીતે જે સિદ્ધ થાય તે જ માન્ય કરે છે અને બીજાનો તો છેદ જ ઊડાડી દે છે. 'એ બધું ક્યાં દેખાય છે ? કોણે જોયું છે ? અમને દેખાડો તો માનીએ આવો મિથ્યા પ્રલાપ કરનારાને શાસ્ત્રોની વાતો તો કેવળ ગપ્પાં જ લાગે છે.

અહીં એ યાદ રાખવું ઘટે કે અધ્યાત્મનો પ્રત્યેક વિષય બુદ્ધિની ક્ષમતાની બહારનો છે. જો કે બુદ્ધિથી ભૌતિક જગતને સમજવાનો પ્રામાણિક પ્રયત્ન કરનારા મોટા મોટા વૈજ્ઞાનિકો પણ કબૂલ કરે છે કે ભૌતિક જગતનો તાગ પણ બુદ્ધિથી મેળવી શકાતો નથી. કેવળ સ્થૂળ બુદ્ધિથી, પછી એ ગમે તેટલી તીવ્ર કે તીક્ષ્ણ હોય તો પણ આ જગતના રહસ્યને પામી શકાય તેમ નથી.

સર આર્થર **એડિંગ્ટન** તેના **'The Philosophy of Physical Science'** પુસ્તકમાં કહે છે કે વૈજ્ઞાનિક અવલોકનની પદ્ધતિ ઈન્દ્રિયો ઉપર આધાર રાખતી હોવાથી તે સ્થૂળ ભ્રાન્તિઓ દ્વારા આપણને દગો કરવાની ક્ષમતા ધરાવે છે.

એવી જ રીતે જે **બ્રોનોવ્સકી** તેના **'The Ascent of Man'** પુસ્તકમાં લખે છે, 'ભૌતિક વિજ્ઞાનોનો એક **હેતુ** ભૌતિક જગતનું ચોક્કસ ચિત્ર આપવાનો રહ્યો છે. વીસમી સદીના ભૌતિક શાસ્ત્રની એક સિદ્ધિ 'આ હેતુ અસાધ્ય છે' એમ સિદ્ધ કરવાની રહી છે.' ક્ષતિવિહીન જ્ઞાનની પ્રાપ્તિની માનવીની શક્તિની મર્યાદાને સ્પષ્ટ કરતાં તે કહે છે કે માનવ જ્ઞાનની પ્રકૃતિ સાથે દૂર નહીં થઈ શકે એવી રીતે ક્ષતિઓ વણાઈ ગયેલી છે.

પ્રખ્યાત વિજ્ઞાની સર જેઈમ્સ **જીન્સ** આધુનિક વિજ્ઞાનની સ્થિતિની વાત કરતાં કહે છે : 'ભૌતિક વિજ્ઞાન દ્રવ્ય અને વિકિરણના જગતનો અભ્યાસ કરવાને નીકળ્યું, અને તેને હવે સમજાય છે કે તે પોતાની સમક્ષ પણ, આ બે પૈકી એકને પણ વર્ણવી કે ચિત્રિત કરી શકતું નથી. બાળકને અક્ષર ગણિત શીખવાના પહેલા દિવસે જેટલા અર્થહીન ટ અ ડ લાગે લગભગ તેટલા જ અર્થહીન ભૌતિકશાસ્ત્રને માટે ફોટોન, ઈલેક્ટ્રોન અને પ્રોટોન બન્યા છે. હાલની ઘડીએ તો આપણે વધુમાં વધુ એટલી આશા રાખીએ કે ટ અ ડ શું છે તે જાણ્યા વિના તેમનો દોરીસંચાર કરવાના રસ્તા શોધવા, પરિણામે જ્ઞાનની પ્રગતિ એક અગ્રાહ્યમાંથી બીજું અગ્રાહ્ય તરીકે જેને આઈન્સ્ટાઈને વર્ણવી છે તેવી નિમ્ન કક્ષાએ પહોંચી ગઈ છે.'

સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક **'ફ્રિત્જોફ કાપ્રા'**એ પોતાના પુસ્તક **'The Tao of Physics'**માં ગણિતશાસ્ત્રના નિયમો અને વાસ્તવિકતા વિષે આઈન્સ્ટાઈનના આ કથનનો ઉલ્લેખ કર્યો છે. 'ગણિતશાસ્ત્રના નિયમો જેટલે અંશે વાસ્તવિકતાને સ્પર્શે છે તેટલે અંશે તેઓ નિશ્ચિત નથી અને જેટલે અંશે તેઓ નિશ્ચિત હોય છે, તેટલે અંશે તેઓ વાસ્તવિકતાને સ્પર્શતા નથી.'

અમેરિકાની પ્રિન્સ્ટન યુનિવર્સિટીના વિજ્ઞાની **લિંકન બાર્નેટ,** વિજ્ઞાન ભૌતિક જગતની કેવી **સમજ** આપે છે તે વિષે **'The Universe and Dr. Einstein'** પુસ્તકમાં આ પ્રમાણે **રજૂઆત** કરે છે, 'જે જગતમાં આપણે રહીએ છીએ તેનું વર્ણન કરવાનો અને તેને સમજાવવાનો વિજ્ઞાનનો હેતુ છે... તેમ છતાં, વાસ્તવિકતાની ખોજમાંના માનવીના દરેક સોપાન સાથે 'સમજાવવું' શબ્દનો અર્થ સંકોચાતો જાય છે. વિજ્ઞાન હજુ સુધી વિદ્યુત, ચુંબકત્વ અને ગુરુત્વાકર્ષણને ખરેખરી રીતે 'સમજાવી' શકતું નથી; તેમની અસરોની માપણી અને આગાહી થઈ શકે છે.

પરંતુ તેમના **અંતિમ સ્વરૂપ** વિશે તો, ઈ. પૂ. ૫૮૫ના અરસામાં ચેમ્બરના વૈદ્યુતીકરણ ઉપર પ્રથમ ધારણા કરનાર મિલેટસના થેલ્સના કરતાં આધુનિક વિજ્ઞાની વધુ જાણતો નથી. આ રહસ્યમય બળો 'વાસ્તવ'માં શું છે તે માનવી કદાપિ શોધી શકશે તે ખ્યાલને મોટાભાગના સમકાલીન વિજ્ઞાનીઓ નકારે છે.'

ક્વોન્ટમ સિદ્ધાંતની વૈજ્ઞાનિક જગતને ભેટ આપનાર મહાન જર્મન વિજ્ઞાની **મેક્ષ પ્લેન્ક** જણાવે છે કે 'વિજ્ઞાન પ્રકૃતિના **અંતિમ રહસ્ય**ને ઉકેલી શકે નહીં કારણ કે અંતિમ વિશ્લેષણમાં આપણે પોતે જ પ્રકૃતિના ભાગ બની જઈએ છીએ અને તેથી જેને ઊકેલવા મથીએ છીએ તે રહસ્યના ભાગ હોઈએ છીએ.'

આમ, ચોકસાઈ, વસ્તુલક્ષિતા અને ગણિતશાસ્ત્ર ઉપર મદાર રાખતી **વૈજ્ઞાનિક પદ્ધતિ** ભૌતિક જગતનું પણ **સ્પષ્ટ** ચોક્કસ અને વસ્તુલક્ષી **ચિત્ર** આપી શકવાની નથી. વિજ્ઞાનની અર્થાત્ માનવબુદ્ધિની પણ મર્યાદા નિશ્ચિત છે. લિંકન **બાર્નેટ** કહે છે, 'વૈજ્ઞાનિક વિચારની ઉત્ક્રાંતિમાં એક તથ્ય બહુ પ્રભાવક રીતે સ્પષ્ટ થયું છે : ભૌતિક જગતનું કોઈપણ રહસ્ય એવું નથી કે જે તેની પારના રહસ્ય પ્રત્યે અંગુલિનિર્દેશ નહિ કરતું હોય. બુદ્ધિના સર્વ ધોરી માર્ગો, સિદ્ધાંત અને ઉતાવળિયા અભિપ્રાયની સર્વ ગલીઓ છેવટે તો એવી ઊંડી ગર્તા તરફ દોરી જાય છે કે જેનો તાગ માનવીનો બુદ્ધિવૈભવ કદાપિ પામી શકવાનો નથી, કારણ કે માનવી તેના અસ્તિત્વની, તેની પરિસ્થિતિની, તેના અંતપણાની અને પ્રકૃતિમાંની તેની સંડોવણીની બેડી વડે જકડાયેલો છે.'

આમ, વિશ્વભરના સુપ્રસિદ્ધ **વૈજ્ઞાનિકો** કે બુદ્ધિના **બેતાજ બાદશાહો** પણ કબૂલ કરતા હોય કે ભૌતિક વસ્તુઓ પણ બુદ્ધિથી શાશ્વત સિદ્ધાંતરૂપે સમજી શકાતી નથી તો પછી અગમ્ય આધ્યાત્મિક ક્ષેત્રમાં બુદ્ધિ અને ઇન્દ્રિયો અંતઃકરણ વડે સમજી શકાય જ કઈ રીતે ? જેમ વ્યક્તિનું વજન સ્પીડોમીટરથી, ઉષ્ણતામાન વજનકાંટાથી કે બે શહેરનું અંતર થર્મોમીટરથી ન મપાય, કારણ કે તેનાં તે સાધનો નથી, તેમ અધ્યાત્મના વિષયોને જાણવાના કે સમજવાના સાધનો બુદ્ધિ, વૈજ્ઞાનિક પ્રયોગો કે ગણિતશાસ્ત્રના નિયમો નથી પણ **'શ્રદ્ધા'** જ છે.

પોતાની સગી આંખે જોયેલું પણ ક્યાં સાચું હોય છે ? દૂરથી નાનો દેખાતો ચંદ્ર શું ખરેખર નાનો જ છે ? પોતાની સગી આંખે દેખાતાં ઝાંઝવાનાં જળ શું વાસ્તવિક પાણી છે ? અને જે સગી આંખે નથી દેખાતું તેવાં તત્ત્વો - બેક્ટેરિયા, વાયરસ કે પરમાણુઓનું અસ્તિત્વ શું નકારી શકાય તેમ છે ? વૈજ્ઞાનિકોએ શોધેલા નેપ્ચ્યુન અને પ્લૂટો વગેરે ગ્રહોનું અસ્તિત્વ તેમની શોધ પહેલાં શું ન હતું ?

આમ, આંખથી દેખાય કે બુદ્ધિથી સમજાય તે જ માનીએ એ **મિથ્યા બકવાસ** છે. આવા બકવાસથી કશું જ હાથમાં નથી આવતું. માટે બુદ્ધિના ડહાપણનો ત્યાગ કરીને અધ્યાત્મ વિષયોમાં વાસ્તવિકતાનો ખ્યાલ કરીને શાસ્ત્રોમાં અતિ દૃઢ **શ્રદ્ધા** રાખવી જોઈએ.

તેથી સંત **ઓગસ્ટાઈન** કહે છે, **'Faith is to believe what we do not see, and the reward of this faith is to see what we believe.'** અર્થાત્ **શ્રદ્ધા એટલે** જે આપણે જોતા નથી તે માનવું અને તેનું ફળ છે - જે આપણે માનીએ છીએ તેનું દર્શન.

(૨) માનવ દૃષ્ટિએ જણાતી શાસ્ત્રોની કેટલીક **અસંભવિત** અશક્ય **બાબતો** પણ નાસ્તિકતાનો હેતુ બને છે.

**દા.ત.**

૧. અગસ્ત્ય મુનિ સમુદ્રનું પાણી અંજલિથી પી ગયા.

૨. સ્વર્ગમાંથી ગંગાનું અવતરણ.

૩. સગરરાજાના ૬૦,૦૦૦ પુત્રો.

૪. ચિત્રકેતુને કરોડ સ્ત્રીઓ હતી.

૫. શ્રીકૃષ્ણ ભગવાને ગોવર્ધન પર્વત તોળ્યો.

૬. ગોકર્ણનો ગાય થકી જન્મ.

૭. પ્રહ્‌લાદે માતાના ગર્ભમાં સાંભળેલ નારદની કથાવાર્તા.

૮. નચિકેતા યમરાજાના દ્વારે પહોંચ્યો.

વેદો, ઉપનિષદો, પુરાણો અને મહાભારત જેવા ઇતિહાસોમાં આવાં ઘણાં **પ્રસંગો - આખ્યાનો** છે કે જે માનવબુદ્ધિથી ઐતિહાસિક ઘટનાની દૃષ્ટિએ તદ્દન અશક્ય જેવાં જ લાગે, તેથી આવાં પ્રસંગો - આખ્યાનો વાંચીને તેની સાથે સાથે શાસ્ત્રોની બીજી વાતોમાં પણ શ્રદ્ધા રહેતી નથી.

(૩) શાસ્ત્રોમાં કેટલીક **વિરોધાભાસી વાતો**થી માણસના મનમાં દ્વિધા ઉદ્‌ભવે છે અને અશ્રદ્ધાનાં બીજ રોપાય છે. જેમ કે શાસ્ત્રોમાં ક્યાંક ભગવાન **સાકાર** છે તેવો નિર્દેશ છે તો ક્યાંક **નિરાકાર** છે તેવા નિર્દેશ જોવા મળે છે. વળી, કલ્યાણ માટે પણ ક્યારેક તપ તો ક્યાંક જપ, ક્યાંક દાન તો ક્યાંક યજ્ઞ, તો ક્યારેક સર્વ સાધનોનો નિષેધ કરીને ભગવાનનો આશરો એમ **વિવિધ ઉપાયો**નો **નિર્દેશ** છે. આવી જુદી જુદી વાતો વાંચવાથી કે સાંભળવાથી સામાન્ય મનુષ્યોને તેમજ બૌદ્ધિકોને પણ શાસ્ત્રો પ્રતિ અશ્રદ્ધા અને સૂગ ઉત્પન્ન થાય છે.

ઉપરોક્ત બન્ને રીતે શાસ્ત્રો પ્રતિ ઉદ્‌ભવતી અશ્રદ્ધાને ટાળવા અને શ્રદ્ધાને દૃઢ કરવા માટે એક વસ્તુ સમજવાની ખાસ જરૂરિયાત છે કે શાસ્ત્રોની ભાષા ગૂઢ **રહસ્યમય** છે તેથી તેનો બધી જગ્યાએ ફક્ત વાચ્યાર્થ કે શબ્દાર્થ જ લેવાનો નથી હોતો પણ **લક્ષ્યાર્થ** કે **તાત્પર્યાર્થ** પણ લેવાનો હોય છે.

શાસ્ત્રકારોનો **મૂળ હેતુ** તો અનંતજીવોને આધ્યાત્મિક બાબતોનું **સાચું જ્ઞાન** આપીને - સમજાવીને તેમનું **પ્રેય** અને **શ્રેય** કરવું તે છે. પરંતુ નરી વાસ્તવિકતા તો એ છે કે **આધ્યાત્મિક અનુભવો** સામાન્ય રીતે ઇન્દ્રિયગમ્ય અનુભવો કરતાં જુદા હોવાથી તે અગમ્ય અનુભવોને ગમ્ય અનુભવોની ભાષામાં રજૂ કરવાનું અશક્ય હોય છે. અગોચર વાસ્તવિકતાને રજૂ કરવામાં સામાન્ય ભાષા

અપૂરતી હોવાથી ધર્મશાસ્ત્રોમાં કાંઈક સંકેત તરીકે જુદાં જુદાં વર્ણનો આવે છે. તેની બુદ્ધિવાદીઓ મજાક ઉડાવે છે, પરંતુ વિજ્ઞાનમાં પણ ખાસ કરીને પરમાણુને લગતાં ભૌતિકશાસ્ત્રમાં આવી જ સ્થિતિ ઉપસ્થિત થઈ છે. આ સંદર્ભમાં મહાન વિજ્ઞાની વર્નર **હાઈઝેનબર્ગ** કહે છે : 'અહીં ભાષાની સમસ્યાઓ ખરેખર ગંભીર છે. આપણે પરમાણુઓના બંધારણ વિષે કોઈક રીતે કહેવા માગીએ છીએ... પરંતુ પરમાણુઓ વિષે સામાન્ય ભાષામાં આપણે કહી શકતા નથી.'

આમ જો ભૌતિક વાસ્તવિકતાને બુદ્ધિ દ્વારા કે ભાષા દ્વારા યથાર્થ સ્વરૂપે વ્યક્ત કરી શકાતી ન હોય તો આધ્યાત્મિક બાબતોને ભાષાની મર્યાદામાં યથાર્થ રીતે કેવી રીતે સમજાવી શકાય ? માટે એ અગમ્ય વાસ્તવિકતા જે બુદ્ધિની પકડમાં સંપૂર્ણપણે આવે એવી નથી, તેને સમજવા માટેની **શક્ય સમજ** જુદાં જુદાં દૃષ્ટાંતો, રૂપકો, આખ્યાનો દ્વારા શાસ્ત્રોમાં આપવામાં આવેલ છે. કારણ કે શાસ્ત્રકારોને ખ્યાલ છે કે, અગમ્ય અનુભવોને મર્યાદિત ભાષામાં ઢાળવા સહેલ નથી, છતાં 'શબ્દ'નો ઉપયોગ કર્યા વગર છૂટકો પણ નથી.

વળી ભાષાની મર્યાદાના ખ્યાલ સાથે તેઓ એ પણ જાણે છે કે શાસ્ત્રોમાં વાંચનારાઓ, સાંભળનારા અને નિરૂપણ કરનારા મનુષ્યોમાં અનેક પ્રકારના કથાભેદ છે, શ્રદ્ધાભેદ છે યા તો સ્થિતિના ભેદ છે. પામર, વિષયી, મુમુક્ષુ અને મુક્ત એમ **ચાર પ્રકાર**ના જીવો માટે તેમને અનુરૂપ શબ્દો પણ વિવિધ પ્રકારના હોય તે **સ્વાભાવિક** છે. જેમ 'મેડિકલ સ્ટોર'માં જુદા જુદા રોગ માટે જુદી જુદી દવા હોય છે, તથા જેમ જુદા જુદા વિષયોના અભ્યાસીઓ માટે જુદાં જુદાં પુસ્તકો લાયબ્રેરીમાં હોય છે તેમ શાસ્ત્રોમાં પણ **વિવિધ પ્રકારના શબ્દો** વિવિધ પ્રકારના જીવોના હિત માટે જ હોય છે.

શાસ્ત્રોના વિવિધ શબ્દો માનવજીવનનાં વિવિધ પાસાંઓને દૃષ્ટિકોણમાં રાખીને માનવજીવન સુખમય વીતે અને અંતિમ 'મુક્તિ'નું ધ્યેય સિદ્ધ કરી શકે તે માટે પ્રયોજાયેલા હોય છે. શારીરિક, માનસિક, બૌદ્ધિક, આર્થિક, કૌટુંબિક, સામાજિક, રાષ્ટ્રીય લાભ થાય તે માટે પણ 'ધર્મ'ના સ્વરૂપને સમજાવીને અંતે **આધ્યાત્મિક લાભ** કરાવીને જીવન **સાર્થક** બનાવવા માટે જ વિવિધ પ્રકારની **વાતો** શાસ્ત્રોમાં જોવા મળે છે.

શાસ્ત્રોના શબ્દો કોઈ એક જ દૃષ્ટિકોણથી મૂલવવાના નથી હોતા. વળી, શાસ્ત્રોના શબ્દોને મૂલવવા માટે પણ આપણી શક્તિ અને બુદ્ધિ સમર્થ નથી. આપણે આપણા સીમિત દૃષ્ટિના ચશ્માં પહેરીને જ આ શબ્દો નિહાળીએ અને અર્થઘટન કરીએ તો તેમાં શાસ્ત્રોને અન્યાય થવાની પૂરી સંભાવના રહે છે. હિમાલયના ઉચ્ચતમ શિખરે ઊભેલ વ્યક્તિ જે કાંઈ નિહાળીને કહે તેને તળેટીમાં ઊભેલ માનવી યથાર્થ રીતે ન મૂલવી શકે. ભગવાનનાં અસાધારણ શક્તિ-ઐશ્વર્યને સમજ્યા વગર, આધ્યાત્મિક, યૌગિક શક્તિને અનુભવ્યા વગર આપણી તુચ્છ શક્તિ અને બુદ્ધિથી શાસ્ત્રોની વાતો તો અશક્ય અને અસંભવિત જ લાગે.

> શાસ્ત્રોમાં અશ્રદ્ધા ટાળીને શ્રદ્ધાને જન્માવવા માટે ઉપર જે કાંઈ વાત કરી છે તે ફક્ત સહાયરૂપ થાય પરંતુ મુખ્યત્વે તો સાચા અનુભવી સત્પુરુષોના પ્રસંગથી જ શાસ્ત્રમાં **દૃઢ શ્રદ્ધા** જન્મે છે. ભગવાન શ્રીહરિ **વચનામૃત** ગ.પ્ર. ૬૬, લો. ૧૧, ગ.મ. ૧૩ વગેરેમાં કહે છે કે શાસ્ત્રોની વાતો પોતાના બુદ્ધિબળે સમજાતી નથી, પરંતુ એકાંતિક સત્પુરુષના પ્રસંગથી જ સમજાય છે. સાચા સંતમાં હેત અને આત્મબુદ્ધિથી જ શાસ્ત્રોનાં વચનોમાં અચળનિષ્ઠા અને શ્રદ્ધા પ્રગટ થાય છે

શાસ્ત્રોમાં આત્મા અને પરમાત્માની શક્તિનો નિર્દેશ કરેલો છે તે આપણા ત્રાજવાથી જોખી કેમ શકાય ? 'અણુની તાકાત'નો અનુભવ વૈજ્ઞાનિકોને હમણાં હમણાં થયો ત્યારે 'અણોરણીયાન્ મહતો મહીયાન્' એવા પરમાત્માની શક્તિનું અનુમાન કંઈક અંશે કરી શકાય છે અને તેમના સંકલ્પમાત્રથી સૃષ્ટિનું સર્જન અને તેનો પ્રલય થાય તે અસંભવિત જણાતાં નથી. પ્લેનની શોધ પહેલાં શાસ્ત્રોમાં વર્ણવેલ 'વિમાનોમાં દેવો વિચરતા' કે 'શ્રીરામ-લક્ષ્મણ અને સીતા લંકાથી અયોધ્યામાં પુષ્પક વિમાનમાં આવ્યાં' તે અશક્ય જ માની લેનારા બુદ્ધિજીવીઓને શાસ્ત્રોની આવી વાતો 'પરિકથા' જ લાગે તેમાં શું કહેવું ? તેમજ જગદીશચંદ્ર બોઝે પ્રયોગો દ્વારા સિદ્ધ કરી આપ્યું કે વનસ્પતિમાં પણ જીવ છે. પરંતુ તે પહેલાં તો હજારો વર્ષો પહેલાનાં હિન્દુ શાસ્ત્રોમાં કહેલું છે કે વનસ્પતિમાં પણ જીવ છે. તેને પણ અન્ય પશુ-પક્ષીઓની જેમ હર્ષશોકની લાગણી હોય છે, તે બધી પરિકલ્પના જ લાગે ને ?

ગાંધારીએ આંખની દૃષ્ટિ દ્વારા દુર્યોધનને વજ્રનો બનાવી દીધો આ વાત આજે આંખની સંયમશક્તિના પ્રયોગો દ્વારા સિદ્ધ થઈ ચૂકી છે. આમ, આજે આપણાં શાસ્ત્રોની સેંકડો હકીકતો વૈજ્ઞાનિકો દ્વારા પણ પુરવાર થઈ

રહી છે. આજે વિશ્વભરના સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિકો અને બૌદ્ધિકો પણ આપણાં શાસ્ત્રોની હકીકતોને 'સત્ય' સ્વરૂપે જોતા થયા છે. માટે, શાસ્ત્રોના સ્થૂળ શબ્દોને સ્થૂળ દૃષ્ટિએ વાંચીને તેના ગૂઢ રહસ્યને પામ્યા વગર 'શાસ્ત્રો ખોટાં છે' તેવાં કથનો કરવાનો અધિકાર કે એવી ક્ષમતા અને પાત્રતા આપણી નથી જ એ પ્રામાણિકપણે સમજી લેવું જોઈએ.

શાસ્ત્રોની વાતોના અનુભવ તાત્કાલિક થાય જ એવું નથી. તેમાં તો ધીરજ રાખીને પ્રામાણિકપણે સતત પુરુષાર્થ કરતાં રહેવું પડે તો જ તે સાધનાનું ફળ જોવા મળે છે. આજ સુધી હજારોને આ અનુભવ થયો છે તે **નક્કર હકીકત** છે. આપણને અનુભવ ન થતો હોય તો આપણી સાધનામાં કંઈક કચાશ છે તે સમજવું જોઈએ. વિશ્વના સુપ્રસિદ્ધ કોમ્પ્યુટર વિજ્ઞાની પ્રો. **જોસેફ વેઈઝ બાઝ** કહે છે : 'હું ધારું છું કે વિશ્વના મહાન ધર્મોના ગ્રંથોમાં સમાયેલાં જ્ઞાન અને ડહાપણ પ્રસ્તુત છે... એ સ્પષ્ટ છે કે આ ગ્રંથોનું કેવળ અસ્તિત્વ પૂરતું નથી. પરંતુ મને લગભગ પૂર્ણ શ્રદ્ધા છે કે સારું જીવન કેવી રીતે જીવવું તેનું જ્ઞાન આ ગ્રંથોમાં સમાયેલું છે. અત્યાર સુધી તેઓ આપણને મદદરૂપ નહીં બન્યાં તેનું કારણ એ નથી કે આ ડહાપણ એ ગ્રંથોમાં સમાયેલું નથી, પરંતુ તેનું કારણ એ છે કે જીવવાનો **તર્કગમ્ય માર્ગ** ખોલવાની પૂરતી ઈચ્છા ધરાવવા જેટલા આપણે ગંભીર બન્યા નથી. હું કેવળ એમ આશા રાખું કે આપણી **હાલની સમસ્યાઓ** જ્ઞાનના-પુરાણા જ્ઞાનના આ પહેલા અને છેલ્લા સ્રોત તરફ નજર કરવાની અને તેના પ્રત્યે ગંભીર ધ્યાન આપવાની તાલાવેલી અને પ્રેરણા આપશે.'

શાસ્ત્રોમાં અશ્રદ્ધા ટાળીને શ્રદ્ધાને જન્માવવા માટે ઉપર જે કાંઈ વાત કરી છે તે ફક્ત સહાયરૂપ થાય પરંતુ મુખ્યત્વે તો સાચા અનુભવી સત્પુરુષોના પ્રસંગથી જ શાસ્ત્રમાં **દૃઢ શ્રદ્ધા** જન્મે છે. ભગવાન શ્રીહરિ **વચનામૃત** ગ.પ્ર. ૬૬, લો. ૧૧, ગ.મ. ૧૩ વગેરેમાં કહે છે કે શાસ્ત્રોની વાતો પોતાના બુદ્ધિબળે સમજાતી નથી, પરંતુ એકાંતિક સત્પુરુષના પ્રસંગથી જ સમજાય છે. સાચા સંતમાં હેત અને આત્મબુદ્ધિથી જ શાસ્ત્રોનાં વચનોમાં અચળનિષ્ઠા અને શ્રદ્ધા પ્રગટ થાય છે. જેમ અતિ બુદ્ધિ-પ્રતિભા સંપન્ન વિવેકાનંદને રામકૃષ્ણ પરમહંસના યોગથી જ શાસ્ત્રોની ભગવાન વિષયક વાતોની દૃઢ પ્રતીતિ થઈ હતી.

આ રીતે શાસ્ત્રોમાં **શ્રદ્ધા** એ જ આપણી **આધ્યાત્મિક સાધનાનો પાયો** છે. તેથી ભારતીય પરંપરાગત સનાતન સત્શાસ્ત્રોમાં તો શ્રદ્ધા રાખવાની જ છે પણ શ્રીજીમહારાજે અતિપ્રમાણરૂપ માન્ય ગણેલાં આઠ સદ્‌ગ્રંથોમાં **વિશેષ શ્રદ્ધા** રાખવાની છે. તેમાંય ખાસ કરીને તો શ્રીજીમહારાજે સર્વશાસ્ત્રોના પરમસાર-પરમરહસ્ય-પરમસિદ્ધાંતરૂપે આપેલ વચનામૃત અને શિક્ષાપત્રીમાં તો સંપૂર્ણ શ્રદ્ધા અવશ્ય રાખવી જ જોઈએ. તો જ આપણે આત્યંતિક કલ્યાણરૂપ **પરમપ્રાપ્તિ**ની અનુભૂતિ કરીને જીવન **સાર્થક** કરી શકીએ.

અનાદિકાળથી પ્રત્યેક મનુષ્ય શાશ્વત સુખ-શાંતિને ઝંખે છે, શોધે છે અને તે પામવા જીવનભર ઝઝૂમે છે. તેમ છતાં તેને પામ્યા વગર અનંત પ્રકારનાં દુઃખો, પ્રશ્નો, કલેશો, ઉદ્વેગો, હતાશા, નિરાશા, અશાંતિ અને અસંતોષ સાથે તેના જીવનનો અંત આવે છે. પુનઃ જન્મમરણની ઘટમાળમાં ભટકતો રહે છે. અનેકવિધ ભૌતિક સફળતાની ચરમસીમાએ પહોંચલ મનુષ્ય આટઆટલા ધમપછાડા પછી પણ તે પોતાના બધાં દુઃખો અને પ્રશ્નોનો **કાયમી અંત** લાવી શક્યો નથી અને પરિણામે શાશ્વત શાંતિને અનુભવી શક્યો નથી તે નિર્વિવાદ **હકીકત** છે. તેની આ નિષ્ફળતાનું કારણ શું ? સઘન અને સતત પુરુષાર્થ કરવા છતાં મનુષ્ય શા માટે પોતાનું ધાર્યું પરિણામ નથી લાવી શક્યો ? તેના એ સંઘર્ષભર્યા પુરુષાર્થમાં **પાયાની ભૂલ** શી છે ? સુધારો ક્યાં કરવાનો છે ?

મનુષ્યે કરેલા આજ સુધીના બધા જ પુરુષાર્થમાં જો **પાયાની ભૂલ** શોધીને કહેવી હોય તો તે એ જ છે કે 'તે પોતાના અનંત દુઃખો અને પ્રશ્નોના મૂળ કારણોને તપાસીને, શોધીને તેનો નાશ કરતો નથી.' જ્યાં સુધી **દુઃખમાત્રનું મૂળ** નાશ ન પામે ત્યાં સુધી તેનો કાયમી અંત છે જ નહિ. અહીં આપણને પ્રશ્ન થાય કે માનવનાં દુઃખોનું **મૂળ કારણ** શું છે ?

માનવજીવનનાં અનંત દુઃખો અને પ્રશ્નોનું મૂળ કારણ તપાસીએ તો તેનાં કામ, ક્રોધ, લોભ, સ્વાદ, સ્નેહ, માન, મત્સર, ઈર્ષ્યા, અસૂયા, રાગ-દ્વેષ, વાસના, આસક્તિ, અહં-મમત્વ વગેરે દેહાભિમાનમૂલક સ્વભાવો, દોષો કે વિકારો જ છે. આ દેહાભિમાનાદિક દોષોનું **મૂળ કારણ** છે અજ્ઞાન. તેથી જ્યાં સુધી મનુષ્ય આ સ્વભાવોથી અને સ્વભાવના મૂળ કારણ **અજ્ઞાન**થી મુક્ત ન થાય ત્યાં સુધી કોઈપણ યુગમાં, કોઈપણ સ્થાનમાં કે દેશમાં, કોઈપણ પ્રકારની સત્તા-સંપત્તિ-સમૃદ્ધિ-કીર્તિ-કામિનીની પ્રાપ્તિ કે સુખ-સુવિધા-સગવડના કોઈપણ પ્રકારના અન્ય સાધનોના યોગથી કોઈપણ મનુષ્યના કોઈપણ પ્રશ્નનો **કાયમી ઉકેલ** આવી શકે તેમ નથી અને પરિણામે તે ક્યારેય પણ શાશ્વત સુખ અને શાંતિ મેળવી શકે તેમ નથી. સમગ્ર માનવજીવનના લાખો વર્ષોનો ઈતિહાસ પોતાનું સમર્થન આપીને આ હકીકતને સત્ય પુરવાર કરે છે.

તેથી અનંત પ્રશ્નોનો કાયમી અંત આણવા અને શાશ્વત શાંતિનો અનુભવ કરવા માટે સ્વભાવ-અજ્ઞાનનો નાશ કરવો આવશ્યક છે. તેના નાશ માટે **અધ્યાત્મજ્ઞાન**

અનિવાર્ય છે. આ અનિવાર્યરૂપ અધ્યાત્મજ્ઞાનનું નિરૂપણ **વચનામૃત** ગ્રંથમાં કરવામાં આવ્યું છે. અધ્યાત્મજ્ઞાનમાં ઘણા વિષયોનું જ્ઞાન અપેક્ષિત છે. પરંતુ તેમાં એકડો તો **ભગવાન** જ છે. બીજાં બધાં જ આધ્યાત્મિક તત્ત્વો, વિષયો અને સાધનોનું જ્ઞાન ભગવાનના સ્વરૂપને જાણવા, સમજવા અને પામવા માટે ઉપયોગી તો છે જ, પરંતુ ભગવાનના જ્ઞાન વિના તે સર્વેનું જ્ઞાન એકડા વિનાનાં મીડાં જેવું છે. તે માટે વચનામૃતનો મુખ્ય **પ્રતિપાદ્ય વિષય** તો ભગવાન એટલે કે, પરબ્રહ્મ **પુરુષોત્તમનારાયણ** જ છે, કે જે સાધ્ય (ઉપેય-પ્રાપ્ય) પણ છે અને સાધન (ઉપાય) પણ એ જ છે.

વિશ્વમાં વિભિન્ન ભાષામાં અનેકવિધ વિવિધતાસભર **પુસ્તકો** લખાયાં છે, જેમાં કેટલાક પુસ્તકો પોપકોર્ન જેવા હોય છે. પોપકોર્ન ખાવાથી ટાઈમપાસ થાય, પણ તૃપ્તિનો ઓડકાર ન આવે. તે જ રીતે કેટલાક પુસ્તકો વાંચવાથી સમય પસાર થાય, પણ જીવનલક્ષી ભાથું ન ભરાય. કેટલાક પુસ્તકો શેરડી જેવા હોય છે. શેરડી ખાઈએ ત્યારે અમૃત જેવું લાગે, પરંતુ ખાધા પછી જેમ જેમ સમય પસાર થાય તેમ તેમ ભૂખ ઊઘડે. એમ કેટલાક પુસ્તકો વાંચતી વખતે અમૃતના ઓડકાર આવે, પણ વાંચ્યા પછી જેમ જેમ સમય સરતો જાય તેમ તેમ અંતરાત્માનો ખાલીપો વધતો જાય અને એ ખાલીપામાંથી તર્કો અને સંશયોનું સર્જન થતું જણાય. કેટલાક પુસ્તકો દૂધ જેવા હોય છે. દૂધમાં ત્યાગભાગ હોતો નથી, દૂધ સંપૂર્ણ પૌષ્ટિક આહાર છે. દૂધને પોપકોર્નની જેમ ખાવું કે શેરડીની જેમ ચાવવું પડતું નથી, એ તો સીધેસીધું પી શકાય છે. કેટલાક પુસ્તકો દૂધની જેમ કોઈપણ પ્રકારના ત્યાગભાગ વિના સીધેસીધા જીવનમાં અપનાવવા જેવા હોય છે. આધુનિક યુગમાં દૂધમાં પણ ભેળસેળ ભળી ગઈ હોવાથી દૂધને શુદ્ધ કરવું પડે છે. ઘીમાં ભેળસેળ થતી હોવાથી વેપારીઓને 'શુદ્ધ ઘી' લખવું પડે છે. વેજીટેરિયનમાં નોનવેજનો ભેગ ભળતો હોવાથી 'પ્યોર વેજ' કહેવું પડે છે. એમ શાસ્ત્રોમાં પણ માનવીય કાલ્પનિક અને વાહિયાત પ્રક્ષેપો થતાં હોવાથી **'સત્શાસ્ત્ર'** શબ્દ પ્રયોજવો પડે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ સમકાલીન મોટા ભાગનું સાંપ્રદાયિક **ગદ્ય-પદ્ય સાહિત્ય** સંસ્કૃત, પ્રાકૃત અને વ્રજ ભાષામાં જોવા મળે છે. વિભિન્ન ભાષાઓમાં ઉપલબ્ધ એ સાહિત્ય ક્યાંક સ્વતઃપ્રેરણાથી નંદસંતોએ રચેલું, ક્યાંક ભગવાન શ્રીહરિની અનુજ્ઞાથી, ક્યાંક ભગવાન શ્રીહરિની પ્રેરણાથી, તો ક્યાંક મહારાજે સ્વયં પ્રમાણિત કરેલું જોવા મળે છે, પરંતુ એ ગદ્ય-પદ્ય સાહિત્યમાં **શિરમોડ સત્શાસ્ત્ર** એક એવું છે કે જે સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણની **પરાવાણી** છે. અને એ છે - **'વચનામૃત.'** શિક્ષાપત્રી ગ્રંથ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની આચારસંહિતા છે અને વચનામૃત ગ્રંથ એ **વિચારસંહિતા** છે. વચનામૃત સંપ્રદાયના આધ્યાત્મિક સાહિત્યનું મધ્યસ્થ **માપદંડ** છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સમગ્ર શાસ્ત્રોનો સાર કાઢી સર્વને માટે સર્વત્ર , સર્વદા અને સર્વપ્રકારે ઉપકારક એવા અધ્યાત્મવિષયનું નિરૂપણ કરેલું છે એવો ગ્રંથ છે



**'વચનામૃત'**. આ વચનામૃત ગ્રંથ અધ્યાત્મવિષયના - સાધનામાર્ગના સાક્ષાત અનુભવી અને સર્વજ્ઞ, સર્વશક્તિમાન, સર્વ દોષોથી રહિત, સદા દિવ્ય અને સર્વે કલ્યાણકારી ગુણોના નિધિ એવા સર્વોપરી ભગવાન શ્રીહરિના **સ્વાનુભવામૃત**નો **સંગ્રહ** છે .

તેના ઉદ્‌ગાતા - ઉદ્‌બોધક ભગવાન સ્વામિનારાયણે કોઈ પ્રકારના સ્વાર્થ વગર અનંત જીવોના કેવળ આત્યંતિક કલ્યાણાર્થે જ ઉપદેશ આપ્યો છે. આ ઉપદેશના **શ્રોતાઓ તરીકે** સામાન્ય - અસામાન્ય બંને પ્રકારના મુમુક્ષુઓ હતા. જનસમુદાયની સાથે સાથે સમર્થ, વિદ્વાન અને વિભિન્ન બુદ્ધિપ્રતિભા ધરાવતા **પરમહંસો** અને **ગૃહસ્થો** પણ હતા, કે જેમણે આ ઉપદેશને સ્વીકાર્યો છે અને તદનુસાર પ્રામાણિક સાધના કરીને **બ્રાહ્મીસ્થિતિ** પ્રાપ્ત કરી છે.

યોગ્ય ક્ષમતા અને પાત્રતા ધરાવતા સદ્‌ગુરુ નંદસંતોએ ભગવાન સ્વામિનારાયણનાં વચનામૃતોનું નિષ્ઠા, ભક્તિ અને પ્રામાણિકતાપૂર્વક **સંપાદન** કર્યું છે. ભગવાન સ્વામિનારાયણની ઉપસ્થિતિમાં સંપાદિત થયેલ આ ગ્રંથની એમણે પોતે જ **સ્વીકૃતિ** અને **સંમતિ** આપીને તેને પ્રમાણિત કરેલ છે .

આ ગ્રંથના પ્રત્યેક વચનામૃતના પ્રથમ ફકરામાં વર્ષ, માસ, તિથિ, સમય, સ્થળ અને તે વખતે ભગવાન શ્રીસ્વામિનારાયણે ધારણ કરેલ વસ્ત્રાલંકારો, આભૂષણો તથા હારતોરાનું વર્ણન કરેલ હોવાથી ગ્રંથ **ઐતિહાસિક દૃષ્ટિએ પણ** વિશેષ **પ્રમાણભૂત** બને છે. આ વચનામૃત ગ્રંથની સરળ ગુજરાતી ગદ્ય શૈલી, દ્રષ્ટાંતસભર હળવી અને સચોટ શૈલી તથા ઔપનિષદિક પ્રશ્નોત્તર શૈલીને લીધે સર્વ કોઈને માટે તે સુલભ અને સુગ્રાહ્ય બને છે.

ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં પોતાની સર્વજ્ઞતનુસારી અનુભૂતિને આધારે શાસ્ત્રોના ગહન શબ્દોના મૌલિક, વિશેષ વ્યવહારુ અને અસરકારક **અર્થઘટનો** કરેલ છે. તેમજ વિશિષ્ટ સાધકને સતત ઉપયોગી એવી વ્યાખ્યાઓ અને સૂત્રાત્મક **ઉપદેશ** આપેલ છે. આ ગ્રંથમાં જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મ વગેરે **અધ્યાત્મિક તત્ત્વો** તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, તપ, ત્યાગ, સંયમ, સેવા, સત્સંગ, શ્રદ્ધા, વિશ્વાસ, બંધન, મુક્તિ, પુનર્જન્મ, કર્મસિદ્ધાંત વગેરે ગહન **આધ્યાત્મિક વિષયો**નું ખૂબ જ સરળ છતાં **સ્પષ્ટ નિરૂપણ** કરવામાં આવ્યું છે.

તેમાં સૈદ્ધાંતિક તત્ત્વજ્ઞાનને આત્મસાત કરવા માટે જીવદશાથી બ્રહ્મદશા સુધીના **સાધનામાર્ગ**નો સમન્વયાત્મક અને વ્યવહારુ **નકશો** દોરી આપવામાં આવ્યો છે. શ્રીજીમહારાજે સાધનામાર્ગમાં વિક્ષેપરૂપ થતાં આંતર-બાહ્ય **વિઘ્નો** અને તેનાથી ઊગરવાના **વિવિધ ઉપાયો**નું પણ નિરૂપણ વચનામૃતમાં કરેલું છે.

સર્વોપરિ, સર્વાવતારી એવા પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણની સ્વમુખવાણી, તેમનાં **વચનામૃતો** આ પૃથ્વી પર કયાંથી શ્રવણગોચર થઈ શકે ? એ તો પોતે કૃપા કરી નરનાટક ધરી પૃથ્વી પર પધારી આશ્રિતજનોને શ્રવણમનોહર વચનામૃતો સંભળાવે ત્યારે જ તે બની શકે.

સર્વાવતારી ભગવાન સ્વામિનારાયણ ઠેર ઠેર વિચરતા અને અનેક જીવોને વાતોચીતો રૂપી **અમૃતવર્ષા**થી સુખિયા કરતા. ભગવાન શ્રીહરિની આ વાતો સર્વ શાસ્ત્રોના સારરૂપ હોવા છતાં એટલી બધી સરળ અને હૃદયભેદક હતી કે તે સામેની વ્યકિતને જીવસોંસરી ઉતરી જતી. એટલું જ નહીં પણ મહાપ્રભુ શ્રીહરિ ઘણીવખત એવા તો; ઘરાળુ, રોજ-બરોજના જીવનમાં બનતા કે જોવા મળતા **પ્રસંગો**ને **ઉદાહરણ તરીકે** મૂકી સિદ્ધાંત સમજાવી દેતા કે ગમે તેવી તત્ત્વજ્ઞાનની **અઘરી વાત** સાવ અભણને પણ **સહજ રીતે** સમજાઈ જતી.

> ભગવાન સ્વામિનારાયણની પરાવાણીનો વિરલ ગ્રંથ **'વચનામૃત.'** આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરી રહેલ સાધકને માટે તો એક અદ્‌ભુત આધ્યાત્મિક Source છે; એક મહાન જ્ઞાનકોશ છે, પરંતુ રોજ-બ-રોજના વ્યવહારમાં, વ્યક્તિગત-કૌટુંબિક કે સામાજિક જીવનના દરેક પહલૂ (પાસાઓ)માં જેનો સતત સામનો કરવો પડે છે, એવી જટિલ સમસ્યાઓનાં સમાધાન પણ, આ ગ્રંથનાં પાને પાને આલેખાયાં છે. એના શબ્દે શબ્દે પ્રશ્નોના હલ મળી રહે છે !

સંપ્રદાયની પુષ્ટિ સંપ્રદાયના શાસ્ત્રાથી જ થાય એવી શ્રીજીમહારાજની અભિરુચિ અનુસાર, યાવદ્‌ચંદ્રદિવાકરૌ આ ભગવાન શ્રીહરિ સ્થાપિત જ્ઞાનમાર્ગ સૌ આશ્રિતજનોને સદૈવ મળી રહે તે માટે 'વચનામૃત' નામક ગ્રંથ રૂપે સંપ્રદાયના એક મુખ્યગ્રંથ તરીકે પ્રકાશિત થયો. દરેક વચનામૃતની શરૂઆતમાં જ સચોટ પુરાવારૂપે ભગવાન શ્રીહરિ કઈ સાલમાં - કયા દિવસે, કયા સમયે, ક્યાં - કેવા વસ્ત્ર અલંકાર ધારણ કરી ને કેવી રીતે બિરાજમાન થયા હતા તે **માહિતી** આપેલ છે. વળી જ્ઞાન સમજતા પહેલા શ્રીજીમહારાજ સદાય પ્રગટ છે એ ભાવે મૂર્તિનું સભાએ સહિત ધ્યાન થાય તે પણ પ્રારંભિક **પેરેગ્રાફનું કારણ** છે.

વચનામૃતમાં ઉપર જણાવ્યા પ્રમાણે જે કાંઈ છે તે બધું જ **અદ્વિતીય** અને **વિશિષ્ટ** છે. ખરેખર ! વચનામૃત અદ્‌ભુત, અદ્‌ભુત અને અદ્‌ભુત જ છે. ''પારને પામ્યા વગર મન સહિત વાણી જ્યાંથી પાછી ફરે છે...'' પરબ્રહ્મના

સ્વરૂપનિરૂપણ માટે કહેવાયેલી આ **શ્રુતિ** પરબ્રહ્મની પરાવાણીરૂપ વચનામૃત માટે પ્રયોજી શકાય તેમ છે . વચનામૃતના **મહિમા** વિષે જેટલું કાંઈ કહીએ તેટલું ઓછું પડે તેમ છે.

ભગવાન સ્વામિનારાયણની પરાવાણીનો વિરલ ગ્રંથ **'વચનામૃત.'** આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરી રહેલ સાધકને માટે તો એક અદ્‌ભુત આધ્યાત્મિક **Source** છે; એક મહાન જ્ઞાનકોશ છે, પરંતુ રોજ-બ-રોજના વ્યવહારમાં, વ્યક્તિગત-કૌટુંબિક કે સામાજિક જીવનના દરેક પહલૂ (પાસાઓ)માં જેનો સતત સામનો કરવો પડે છે, એવી જટિલ સમસ્યાઓનાં સમાધાન પણ, આ ગ્રંથનાં પાને પાને આલેખાયાં છે. એના શબ્દે શબ્દે પ્રશ્નોના હલ મળી રહે છે!

સર્વાવતારી, સર્વોપરી, સર્વકારણના કારણ ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતની અદ્‌ભુત રચના કરેલ છે. વચનામૃત ગ્રંથ જો આપણા હાથમાં ન હોત તો ભગવાન શ્રીહરિનું સ્વરૂપ સમજવામાં આપણે સહુ કોઈ જરૂર ભૂલા પડત. વચનામૃત ગ્રંથ એટલે આધ્યાત્મિક્તાનું શિખર, વચનામૃત ગ્રંથ એટલે વેદોનું રહસ્ય, વચનામૃત ગ્રંથ એટલે પુરુષોત્તમની પરાવાણી, વચનામૃત ગ્રંથ એટલે સર્વ શાસ્ત્રનો નીચોડ, એટલે તો વચનામૃત ગ્રંથનું પાન કરીને જૂનાગઢના મુસ્લીમ નવાબના મુખમાંથી શબ્દો નીકળ્યા હતા કે, ''આ ગ્રંથના બોલનારા તો ખુદા છે જ પરંતુ આ ગ્રંથના લખનારા પણ ખુદા છે.'' આટલો ઉચ્ચસ્તરનો આ ગ્રંથ છે.

'વચનામૃત' એ કાળના ધુમ્મસને ભેદીને ભગવાન શ્રી સ્વામિનારાયણ અને પરમહંસોની અધ્યાત્મજ્ઞાનગોષ્ઠી, આત્મીયગોષ્ઠી સુણાવતો અપૂર્વ **ધર્મગ્રંથ** છે. તેજના પ્રવાહરૂપ ભગવાન શ્રી સ્વામિનારાયણની આ પરાવાણીને ઝીલનારા **પરમહંસો** પણ લક્ષ્યવેધી મહર્ષિઓ હતા. તેઓ **શબ્દવેધી** હતા. શબ્દથી વીંધાઈ ગયેલા ને શબ્દને વીંધી આરપાર નીકળી ગયેલા એ **મહાયોદ્ધા** હતા. તેઓએ આ 'અમૃત'ના પ્રવાહને ઝીલ્યો, હૃદયસ્થ કર્યો અને ઘરેલું બોલીમાં આપણી તરફ વહેતો કર્યો.

'વચનામૃત' એ 'અમૃતહૃદય=અમૃતનો ધરો' છે કે જેમાં ડૂબકી મારનારને મૃત્યુનાં વમળ વચ્ચે જ **મૃત્યુંજય મોતી** મળી આવે તેમ છે. સંસારઝાળથી સંતપ્ત માનવહૈયાંઓને શીતળતાનો સંસ્પર્શ કરાવતું બસો બાસઠ (૨૬૨) શાખાઓમાં વિસ્તરેલું આ **મહાદ્રુમ કલ્પવૃક્ષ** શ્રીજી મહારાજના ઉચ્ચ વ્યક્તિત્વની ગરિમાને પામવા માટે આપણને **લીલો છાંયડો** પાથરી દે છે. શ્રીજી મહારાજે પ્રબોધેલા આ વચનામૃતોમાં મહારાજ **સર્વોચ્ચ** અનુભવી, આદર્શ સાધક, શાસ્ત્રજ્ઞ, વિચારશીલ, આદર્શ કેળવણીકાર, નિર્વિકારી, નિર્માની, નિઃસ્પૃહી, આદર્શ પ્રવચનકાર, સ્પષ્ટ વક્તા, ગુણ પ્રશંસક, તટસ્થ મૂલ્યાંકનકાર, સર્વોચ્ચ વૈજ્ઞાનિક અને **સર્વોપરી ભગવાન** છે તેવું આ સર્વે વચનામૃતોનો અભ્યાસ કરતા જણાઈ આવશે.



ભગવાન શ્રી સ્વામિનારાયણની **પરાવાણી**માં સમાજશાસ્ત્ર, માનસ-શાસ્ત્ર, વિજ્ઞાન, રાજનીતિ વગેરે સઘળું સમાઈ જાય છે. આ 'વચનામૃત'નું અધ્યયન કરતાં આપણને એમ લાગે કે 'મારા હિતની જ વાત થઈ રહી છે' - તેવી **પ્રતીતિ** પ્રતિપળ થાય છે. 'વચનામૃત' સર્વે **આધ્યાત્મિક રત્નો**ની ખાણ સમાન છે. તેમાંથી જેને, જ્યારે, જે રત્ન જોઈએ તે લઈને પોતાના **આંતરજીવન**ને સમૃદ્ધ બનાવી શકે છે.

અધ્યાત્મસાધનાનાં **ઉત્કૃષ્ટ શિખરો** સર કરવા, જીવદશા ટાળીને **બ્રાહ્મી સ્થિતિ** પ્રાપ્ત કરીને પરબ્રહ્મના પરમ, શાશ્વત અને દિવ્ય આનંદના **સાક્ષાત્કાર** માટે કોઈ પણ મુમુક્ષુને જરૂરી એટલું બધું જ માર્ગદર્શન યોગ્ય રીતે, યોગ્ય પ્રમાણમાં અને યોગ્ય સમન્વયપૂર્વક વચનામૃતમાં આપવામાં આવ્યું છે. એથી વિશેષ હવે ક્યાંયથી કાંઈ પણ શોધવા-જાણવાની કે સમજવાની જરૂર રહેતી નથી.

આ વચનામૃત ગ્રંથમાં જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મ વગેરે **આધ્યાત્મિક તત્ત્વો** તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, તપ, ત્યાગ, સંયમ, સેવા, સત્સંગ, શ્રદ્ધા, વિશ્વાસ, બંધન, મુક્તિ, પુનર્જન્મ, કર્મસિદ્ધાંત વગેરે ગહન **આધ્યાત્મિક વિષયો**નું ખૂબ જ સરળ છતાં સ્પષ્ટ નિરૂપણ કરવામાં આવ્યું છે.

આ શાસ્ત્રમાં સર્વશાસ્ત્રોના **પરમ રહસ્યરૂપ** સર્વે સિદ્ધાંતોનો **સાર** છે, શ્રીજીમહારાજે કોઈ પણ પ્રકારના સ્વાર્થ વગર અનંત જીવોના કેવળ આત્યંતિક કલ્યાણાર્થે જ **ઉપદેશ** આપ્યો છે. તેમજ સૈદ્ધાંતિક તત્ત્વજ્ઞાનને આત્મસાત્ કરવા માટે જીવદશાથી બ્રહ્મદશા સુધીના સાધનામાર્ગનો સમન્વયાત્મક અને વ્યવહારુ નકશો દોરી આપ્યો છે.

ભવાટવીમાં ભમતા માનવીને હંમેશાં શોધ રહે છે અધ્યાત્મ માર્ગે લઈ જનાર સાચા **જ્ઞાન**ની. જિજ્ઞાસુ મનુષ્ય સમજણો થાય ત્યારથી સંસારનાં સત્યોની શોધમાં અવનવા **રસ્તાઓ** અપનાવે છે. જ્ઞાનપિપાસુ આત્માઓ પૈકી જૂજ **સદ્‌ભાગી** નીવડે છે, જ્યારે મોટાભાગના સંસારચક્રમાં ફરતા રહે છે. ભારતભૂમિમાં સત્શાસ્ત્રો અને સાચા સંતો હંમેશાં પ્રાપ્ત હોય જ છે, પરંતુ પૂર્વકર્મોના બીજ અને બંધનથી લાચાર જીવાત્મા ભાગ્યે જ આવી પ્રાપ્તિનો આનંદ લઈ શકે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે આ અવનિ પર અવતરી સત્સંગસેતુ રૂપી એક અદ્‌ભુત **મોક્ષમાર્ગ** સ્થાપ્યો અને મોક્ષમૂલક **સાહિત્ય** પીરસ્યું. જેમાં **'વચનામૃત'** ગ્રંથ શિરમોડ છે.

'મારી **આધ્યાત્મિક સ્થિતિ** શું છે ?', 'મારા માટે ક્યા ઉપાયો શ્રેષ્ઠ છે અને પાળવા સરળ છે ?', 'આ ઉપાયો પાળવાની રીત શું છે અને કોના માર્ગદર્શન અને કોના સંગે આ **ઉપાયો** હું અજમાવી શકું ?', 'આ ઉપાયો અજમાવવાથી મને શું પ્રાપ્તિ થઈ શકે ?', 'આવા ઉપાયો અજમાવ્યા બાદ જો યોગ્ય ફળપ્રાપ્તિ ન થાય તો શું ?' આવા જિજ્ઞાસાપૂર્વકના **પ્રશ્નોના સચોટ ઉત્તરો** તમામ સ્તરના અધ્યાત્મપંથીઓ માટે સરળ ભાષા અને શૈલીમાં ઉપલબ્ધ કરાવતો કોઈ **અપૂર્વ ગ્રંથ** હોય તો તે છે - **'વચનામૃત.'** ભગવદ્ ગીતાને આપણે શ્રેષ્ઠ ગ્રંથ માનીએ છીએ, પરંતુ તેના ગલિતાર્થને સમજવો સામાન્ય માણસ માટે સહેલો નથી. આ **ગહન બોધ**ને અતિ સરળ ભાષામાં ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃત ગ્રંથમાં પ્રબોધ્યો છે. ગીતામાં તો માત્ર એક જ અર્જુનના પ્રશ્નોનો ઉકેલ કરાયો છે, જ્યારે વચનામૃતમાં તો અધ્યાત્મમાર્ગના અલગ-અલગ સ્તરે પહોંચેલા અનેક અર્જુનોનાં મનની જિજ્ઞાસા ભગવાન શ્રીહરિએ સંતોષી છે. શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછવામાં મયારામ ભટ્ટથી માંડી રોજકાના કાકાભાઈ તથા નાજા જોગિયા સુધીના ગૃહસ્થ ભક્તો અને સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી, સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી અને સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી જેવા અધ્યાત્મની પરાકાષ્ઠાએ પહોંચેલા અનેક **મહાપુરુષો**ના **પ્રશ્નો**નો સમાવેશ થાય છે.

સમાજના કેવળ આત્યંતિક ઉત્થાન અને શાશ્વત ઉત્કર્ષ માટે પ્રગટ થયેલા એ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે માનવ ઉત્કર્ષની ચિરંતન વાતો વચનામૃત ગ્રંથમાં **પ્રશ્નોત્તરીના સ્વરૂપે** સચોટ અને વેધક રીતે રજૂ કરી છે.

**વચનામૃત એટલે** સાધકો (સંતો-હરિભક્તો) અને સાધ્ય (ભગવાન શ્રી સ્વામિનારાયણ) વચ્ચે થયેલી **પ્રશ્નોત્તરી**નો **ગ્રંથ.** જગતના કોઈપણ ખૂણાના અધ્યાત્મ સાધકોનો કોઈપણ પ્રશ્ન એવો નહીં હોય કે જેનો ઉત્તર પરોક્ષ યા પ્રત્યક્ષ સ્વરૂપે વચનામૃતમાં ન હોય !!

ભગવાન શ્રી સ્વામિનારાયણના વચનામૃતોમાં આપણા પરંપરાગત આધ્યાત્મિક પ્રશ્નોત્તરમૂલક **સંવાદો** સાથેનું **અનુસંધાન** પણ જોઈ શકાય છે. શ્રીજીમહારાજને જે કંઈ કહેવાનું થાય છે તે જિજ્ઞાસુ સંતો-હરિભક્તોના પ્રશ્નોના કારણે. સંતો-હરિભક્તો જે પ્રશ્નો કરતા હોય તેના ઉત્તરો આપી **ભગવાન શ્રીહરિ** તેમના મનમાંથી શંકા, દ્વિધા કે ગૂંચ દૂર કરવાનું કાર્ય કરે છે.

વચનામૃત ગ્રંથ એના સર્જનકાળમાં જેટલો ઉપયોગી હતો તેટલો જ ઉપયોગી આજના સંદર્ભમાં પણ છે અને તેટલો જ ઉપયોગી આવતીકાલે પણ રહેશે. કારણ કે વચનામૃતમાં જે ચર્ચા કરવામાં આવી છે તે માનવીના

**સનાતન પ્રશ્નો**ની **ચર્ચા** છે. સમસ્યાની માત્ર ચર્ચા નહીં, તેના સચોટ ઉકેલ છે જે કોઈપણ યુગના માનવીને માટે એટલા જ લાગુ પડશે, જેટલા આજથી ૨૦૦ વર્ષ પહેલાં લાગુ પડતા હતા. કારણ કે માત્ર વરસો વીત્યાં છે, માનવીની વૃત્તિઓ એની એ જ રહી છે.

થોડાં વરસો પૂર્વે ઈજિપ્તમાં પિરામિડોના **ઐતિહાસિક સંશોધન** માટે ખોદકામ કરવામાં આવ્યું હતું. ખોદકામ કરતાં કરતાં કેટલાક એવા અવશેષો મળી આવ્યા કે જેના પર કંઈક લખેલું હતું. ઈતિહાસવિદોએ હજારો વર્ષો પૂર્વેના એ લખાણને ઉકેલ્યું તો તેમાં એમ લખેલું માલૂમ પડ્યું કે, 'અત્યારે જમાનો બહુ બગડી ગયો છે. આજથી સો વરસ પહેલાં જમાનો ખૂબ સારો હતો.' ખૂબ આશ્ચર્યની વાત તો એ છે કે આજથી હજારો વરસ પૂર્વે લોકો જે બોલતા હતા એવાં જ વિધાનો આજે પણ આપણે કરીએ છીએ - 'આજે જમાનો બહુ બગડી ગયો છે. આજથી સો વરસ પહેલા એક જુદો જમાનો હતો, હવે એવો નથી રહ્યો !' અર્થાત્ આજથી હજારો વરસ પહેલાં માનવીની જે વૃત્તિ હતી તે જ **વૃત્તિઓ** આજે પણ છે. કદાચ **અભિવ્યક્તિ** માત્ર બદલાઈ હોય !

ભગવાન શ્રીહરિએ કરુણા કરી વાત્સલ્યભાવથી સંતો-હરિભક્તોને પીરસેલું-પાયેલું આ **વચનરૂપી અમૃત** છે. સમુદ્રમંથનને લીધે પ્રાપ્ત થયેલું અને દેવલોકમાં રહેલું અમૃત ભૌતિક દેહને અમર બનાવે છે. જો કે તેનો પણ કાળે કરીને તો અંતે નાશ થવાનો જ છે, જ્યારે શ્રીજીમહારાજના આ વચનરૂપી અમૃતથી પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણના શાશ્વત અને દિવ્ય સુખ-શાંતિ-આનંદનો **અનુભવ** કરી શકાય છે

આમ, ભલે આજથી પાંચ હજાર વરસો પૂર્વેનો સમાજ હોય, પાંચ હજાર વરસો પછીનો હોય કે પછી વર્તમાન સમાજ હોય, પરંતુ માણસની વૃત્તિઓ ચિરંજીવ-સનાતન છે. એટલે સમસ્યાઓ પણ **સનાતન** છે. માત્ર બાહ્ય રૂપ જુદાં હોઈ શકે.

વચનામૃતમાં આ શાશ્વત સમસ્યાઓના નિકાલ માટેની સામગ્રી છે. વચનામૃતના **વિષયવસ્તુ** અંગે એક ખૂબ સ્પર્શે એવી **બાબત** એ છે કે વચનામૃતનો અભ્યાસ કરનાર દરેક અભ્યાસી એવું જરૂર અનુભવે કે 'વચનામૃતમાં મારી પોતાની વાત કરી છે.' સાચા અર્થમાં વચનામૃત, એક એવો **વૈશ્વિક ગ્રંથ** છે જે વિશ્વમાં સૌ કોઈ માટે, કોઈપણ સમય માટે, ઉદ્ભવતી સમસ્યાઓનું ચિરંતન સમાધાન આપે છે. એટલું જ નહીં, સૌ કોઈને જીવનની **સાર્થકતાનો અનુભવ** કરાવે છે.

'વચનામૃત' એટલે ભગવાન સ્વામિનારાયણની પરાવાણીનો ગ્રંથ જેમાં **સર્વ શાસ્ત્રોનું દોહન** છે. જુદાં જુદાં સ્થળોએ વિરાજી, ભગવાન સ્વામિનારાયણે પ્રબોધેલાં અસંખ્ય અમૃત વચનોમાંથી, અપ્રતિમ વિદ્વત્તા અને સાધુતાથી શોભતા, તેમના પ્રથમ પંક્તિના પરમહંસો - સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામીએ **૨૬૨ વચનામૃતો**ને સંકલિત ને સંપાદિત કરી, વ્યવસ્થિત કાળક્રમ મુજબ ગોઠવી, ગ્રંથસ્થ કર્યાં. સહજ આનંદમાંથી, સ્વયંસ્ફુરિત આ વચનો કેવળ કરુણાથી ઉદ્‌બોધાયાં હતાં અને એટલે મુમુક્ષુનાં હૃદયમાં તે સીધાં, સોંસરવાં ઊતરી જાય છે. તેમાં નથી ડોળ કે દમામ, દંભ કે દબાણ અને છતાં તેમાં ભારોભાર પ્રમાણભૂતતા-વિશ્વસનીયતા છે. તેમાં કોમળતા અને સરળતા છે; છતાં સનાતન સિદ્ધાંતોનો **ધનુષ્યટંકાર** છે. તેમાં પ્રયાસપૂર્વકની શબ્દગૂંથણી કે ગોઠવણી છે જ નહિ - આખોય ગ્રંથ એ સાક્ષાત્ ભગવાનનું **પ્રકટીકરણ** છે.

ભગવાન સ્વામિનારાયણે આ ગ્રંથમાં, સ્વયં **પરબ્રહ્મ** છે એવી સ્વસ્વરૂપની ગહન, **ગૂઢ ઓળખાણ,** કરુણાએ કરીને પોતાના પરમહંસોને કરાવી છે. તેથી જ **મુક્તાનંદ સ્વામી** કહે છે : 'પોતે પરબ્રહ્મ રે, સ્વામી સહજાનંદ, નારાયણ પ્રબળ પ્રતાપ છે...'

આ વિરલ ગ્રંથમાં, ભગવાન શ્રીહરિએ સ્વમુખે બ્રહ્મ-પરબ્રહ્મનાં સાકાર સ્વરૂપોની, બ્રહ્મભાવ પામવાની અને એકાંતિક ધર્મ સિદ્ધ કરવા અંગેની **સાધના**ની **વાતો** કરી છે. 'અક્ષરધામ પ્રાપ્તિ'ની આખરી મંજિલને પામવા, આ રીતે આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરી રહેલા સાધકને માટે તો આ **વિરલ ગ્રંથ** છે; એક અખૂટ ખજાનો છે, જ્ઞાનકોશ (Encyclopaedia) છે. દરેક સાધકે એનું વાંચન, મનન અને નિદિધ્યાસ કરવાં જ પડે.

વચનામૃતની અન્ય **વિશેષતા** એ છે કે ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે માર્ગ પ્રબોધ્યા બાદ અર્જુનની **આધ્યાત્મિક સફરનું** નિયંત્રણ (Monitoring) પરોક્ષ રૂપે સૂચવ્યું છે. ગીતાના ગહન પદ્યની સામે વચનામૃતમાં શુદ્ધ અને સરળ ગુજરાતીના ગદ્ય સાહિત્યમાં મોક્ષમાર્ગે સફરની શરૂઆતથી અંત સુધી સતત નિયંત્રણ અને સુધારાત્મક વિવિધ પગલાંનું પણ **સંપૂર્ણ આયોજન** જોવા મળે છે.

વળી, પ્રયોગશાળામાં જેમ વિવિધ કસોટીઓ કરવામાં આવે અને પરિણામોનું વિશ્લેષણ કરવામાં આવે તેમ

સત્સંગીને જીવનયાત્રા દરમ્યાન પોતાની જાતને સતત ચકાસતા રહેવા માટે સુધાર પ્રક્રિયાના **માપદંડો** પણ કરુણા કરી ભગવાન શ્રી સ્વામિનારાયણે સૂચવ્યા છે. વચ્ચે ક્યાંક મુશ્કેલી આવે તો તેના **સચોટ ઉકેલ** પણ શ્રીજીમહારાજે સૂચવ્યા છે.

આ વચનામૃત ગ્રંથમાં, પરબ્રહ્મનું દિવ્યસાકારપણું, સર્વકર્તા-નિયંતાપણું, સર્વોપરીપણું, પ્રત્યક્ષપણું, સગુણપણું અને નિર્ગુણપણું, તેમના અસાધારણ ઐશ્વર્ય, સામર્થ્ય, શક્તિ, બળ, વીર્ય, તેજ, સુખ અને બીજા પણ અનંત કલ્યાણકારી **ગુણો** તથા અપરંપાર **મહિમાનું** નિરૂપણ કરવામાં આવ્યું છે. પરબ્રહ્મની પ્રાપ્તિ માટે વિઘ્નરૂપ માયાનાં વિવિધ સ્વરૂપો અને પરબ્રહ્મના કાર્યરૂપ જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા પ્રલયનું પણ **નિરૂપણ** કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત પરબ્રહ્મની શરણાગતિની આવશ્યકતા તથા અક્ષરરૂપ થઈને ભગવાન શ્રીહરિની ભક્તિ-ઉપાસનાની રીતો સમજાવીને તેમાં અખંડ વૃત્તિ રાખવાના **વિવિધ ઉપાયો** દર્શાવ્યા છે. ભગવાનને અખંડ અને અતિશય રાજી કરવા માટે ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય-માહાત્મ્યજ્ઞાને સહિત ભક્તિ, સેવા, તપ વગેરે અનેકવિધ ઉપાયો-સાધનોનું નિરૂપણ થયેલું છે.

વળી, પરબ્રહ્મની ભક્તિ-ઉપાસનામાં તથા તેમને પ્રસન્ન કરવાના આ **સાધનામાર્ગ**માં આવતાં અનેક **વિઘ્નો**નાં વિવિધ સ્વરૂપો તથા તેમાંથી ઊગરવાનાં **વિભિન્ન ઉપાયો** પણ સમજાવ્યાં છે. આ રીતે જીવદશાથી બ્રહ્મદશા-બ્રાહ્મીસ્થિતિ સુધીના નિર્વિઘ્ન સાધનામાર્ગનું નિરૂપણ કરીને જીવનમુક્તિ અને વિદેહમુક્તિનું સ્વરૂપ પણ સમજાવ્યું છે.

દેહ-ઈન્દ્રિયો-અંતઃકરણની શુદ્ધિ દ્વારા ભગવત્પરાયણ **સાધનો** અને **શક્તિ**નો **સદુપયોગ** કરાવીને, જીવની જીવદશા ટાળી, તેની બ્રાહ્મી સ્થિતિ કરાવીને પરમાનંદની શાશ્વત અનુભૂતિ કરાવવાની બાંહેધરી આ **વચનામૃત** ગ્રંથ દ્વારા મુમુક્ષુ જીવાત્મા પ્રાપ્ત કરી શકે છે. આ લોક અને પરલોકમાં સદાય સુખિયા રહેવા માટે, જીવનના સંપૂર્ણ અને સર્વાંગસંપૂર્ણ વિકાસ-ઉત્કર્ષ માટે જ્યારે, જ્યાં જેને જે કાંઈ જરૂરી હોય તેવું આધ્યાત્મિક માર્ગદર્શન વચનામૃતમાંથી મળી શકે છે. આ વચનામૃત ગ્રંથના શ્રવણ-વાંચનથી જીવ પોતાની અધોમુખ મુમુક્ષુતાને ઊર્ધ્વમુખ કરીને પરબ્રહ્મની પ્રાપ્તિ કરી શકે છે. આ ભગવાન શ્રી સ્વામિનારાયણની પરાવાણીરૂપ **દિવ્ય સંજીવની** છે.

ભગવાન શ્રીહરિએ કરુણા કરી વાત્સલ્યભાવથી સંતો-હરિભક્તોને પીરસેલું-પાયેલું આ **વચનરૂપી અમૃત** છે. સમુદ્રમંથનને લીધે પ્રાપ્ત થયેલું અને દેવલોકમાં રહેલું અમૃત ભૌતિક દેહને અમર બનાવે છે. જો કે તેનો પણ કાળે કરીને તો અંતે નાશ થવાનો જ છે, જ્યારે શ્રીજીમહારાજના આ વચનરૂપી અમૃતથી પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણના શાશ્વત અને દિવ્ય સુખ-શાંતિ-આનંદનો **અનુભવ** કરી શકાય છે.

સેંકડો વર્ષોથી આજ પર્યંત વિશ્વની સેંકડો ભાષામાં



**લાખોની સંખ્યામાં** પુસ્તકો લખાયાં છે, લખાઈ રહ્યાં છે અને ભવિષ્યમાં લખાતાં રહેશે. તે સર્વે **પુસ્તકો** સર્વત્ર, સર્વદા, સર્વથા સર્વને ઉપયોગી થતાં નથી. જેમ કે, મેડિકલના પુસ્તકો ઍન્જિનિયરિંગમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ઉપયોગી ન બને. મેડિકલ કૉલેજમાં ભણતા વિદ્યાર્થીઓને પણ એ પુસ્તકો જીવનના અંત સુધી સર્વત્ર, સર્વદા અને સર્વથા ઉપયોગી ન પણ હોય. કંઈક નવીન જાણવા માટે, કંઈક માહિતી એકત્ર કરવા માટે, કંઈક મનોરંજન માટે કે લૌકિક અન્ય લાભ માટે આવાં જે તે વિષયનાં પુસ્તકો જે તે વ્યક્તિને સ્વલ્પકાળ પૂરતાં **ઉપકારક** હોઈ શકે, પરંતુ હંમેશને માટે નહીં. એવાં પુસ્તકોનો નિત્ય અને નિરંતર કે વારંવાર અને સતત અભ્યાસ કરવાનો હોતો નથી. તેમ જ સદૈવ વાંચન-શ્રવણ-મનન-નિદિધ્યાસ કરીને તેનો સાક્ષાત્કાર પણ કરવાનો હોતો નથી. 'વચનામૃત' એવો ગ્રંથ નથી કે જે કોઈકને, ક્યાંક, ક્યારેક અને કોઈક જ સમયે **ઉપયોગી** બની શકે; કારણ કે વચનામૃતનો વિષય લૌકિક નથી, પરંતુ આધ્યાત્મિક છે.

વિશ્વના કોઈપણ યુગમાં, કોઈપણ દેશમાં, કોઈપણ સ્થળે અને સમયે, કોઈપણ ધર્મના, જ્ઞાતિના, કુળના, વર્ણના કે આશ્રમના મનુષ્યને; પછી તે બાળક હોય, યુવાન હોય કે વૃદ્ધ હોય; સ્ત્રી હોય કે પુરુષ; શહેરનો હોય કે ગામડાનો; ગરીબ હોય કે તવંગર; ભણેલ હોય કે અભણ; રાજા હોય કે પ્રજા; માલિક હોય કે નોકર - ગમે તે હોય અને તેને સમજાય કે ન સમજાય, તે માને કે ન માને અથવા તો સ્વીકારે કે ન સ્વીકારે પણ તે પ્રત્યેકને પોતાના જીવનના અસ્તિત્વ માટે જેમ હવાની જરૂર છે તેમ જ માનવજીવનના અનંત પ્રશ્નોના કાયમી ઉકેલ માટે, અનંત પ્રકારનાં દુઃખોમાંથી અને જન્મમરણની ઘટમાળમાંથી મુક્તિ માટે, તથા શાશ્વત શાંતિ માટે જીવનની પ્રત્યેક ક્ષણે જેની સૌથી વધારે કેવળ આવશ્યકતા જ નહીં, પણ અનિવાર્યતા છે, એવું **અધ્યાત્મજ્ઞાન** 'વચનામૃત' ગ્રંથમાં પાને પાને ઠસોઠસ ભરેલું છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સતત ૧૦ વર્ષ સુધી મુમુક્ષુઓના જીવન ઘડતર અર્થે વચનામૃતરૂપી વાણીને વહાવી છે. વચનામૃત ગ્રંથ મુમુક્ષુ જીવાત્માઓને જાત-તપાસ (Self audit)ની તક આપ્યા કરે છે. સાધનાની કોઈપણ સ્થિતિએ હોય, અભણ હોય કે વિદ્વાન - વચનામૃત સંવાદનું મનન, શ્રવણ કે નિદિધ્યાસથી જીવાત્માને પોતાની **પ્રગતિ**નો **ચિતાર** હંમેશાં મળ્યા કરે છે અને ત્યાંથી આગળ માર્ગદર્શન તેને મળતું રહે છે. મુમુક્ષુ જીવાત્માને પોતાનું અંગ ઓળખી તેને ભગવાન તરફ ઢાળવાની **અદ્ભુત** **તાલીમ** વચનામૃત ગ્રંથ આપે છે. વ્યક્તિ જ્યારે વ્યવહાર કાર્ય અર્થે સ્નાનાદિક કાર્ય પછી તૈયાર થવા દર્પણ સામે ઊભો રહે અને પોતાની દેહસ્થિતિને નિહાળે ત્યારે શું સુધારાવધારાની જરૂર છે તેનો સ્થૂળ શરીરના સંદર્ભમાં અણસાર મળે છે. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિતો માટે **'વચનામૃત' ગ્રંથ** દર્પણ સમાન છે.

જગતના પંચવિષયરૂપી ચક્રની આંટીઘૂંટીઓમાં ફસાયેલો માનવી જ્યારે વચનામૃતના સંવાદરૂપી આવા દર્પણ સામે આવે છે ત્યારે પોતાનું અસલી કાર્ય શું છે ? અને પોતે શેમાં સમય વ્યર્થ કરી રહ્યો છે તેનો સાચો અંદાજ આવે છે. આપણે સતત ચકાસતાં રહેવું જોઈએ કે આપણે જે કંઈ કાર્ય કરીએ છીએ, તે ભગવાનને ગમે તેવું છે ને ? મહાત્મા ગાંધીએ દીવાદાંડીરૂપ એક **સરસ વાક્ય** કહ્યું છે : "હું તમને એક **માપદંડ** આપું છું. જ્યારે પણ તમે આશંકિત (ભયભીત) હો, તમારી જાત તમારી પર હાવી થઈ જાય ત્યારે આ કસોટી અપનાવજો - તમે જોયેલો સૌથી ગરીબ અને સૌથી નબળા ચહેરાને યાદ કરો અને તમારી જાતને **પ્રશ્ન** કરો કે તમારું આ કદન (સંકલ્પથી પીડન) તેને કોઈ રીતે મદદરૂપ થશે ખરું ? એને કંઈ ફાયદો થશે ખરો ?... તમારી શંકાઓ દૂર થઈ જશે અને જાત હળવી ફૂલ બની જશે."

પોતાના આશ્રિતજનો માટે ભગવાન શ્રીહરિએ આવો જ **માપદંડ** આપ્યો છે. આપણે જો આપણી જાતને પૂછીએ કે મારી ક્રિયા ભગવાનની આજ્ઞા મુજબની છે ખરી ? આપણી ભક્તિ ભગવાનની મરજી મુજબની છે ખરી ? ભગવાન આપણી ભક્તિથી પ્રસન્ન તો થશે ને ? આમ કરવાથી આપણી તમામ શંકાઓ દૂર થઈ જાય છે. આ જ **રાજમાર્ગ** છે વચનામૃતના **દિવ્ય સિદ્ધાંતો**નો.

શ્રીજીમહારાજે ગઢડા પ્રથમ પ્રકરણના ૨૦માં **વચનામૃત**માં કહ્યું છે કે, "અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની તે કોણ છે ?" મહારાજે પોતે જ તેનો ઉત્તર કરતાં કહ્યું કે, "આ દેહમાં રહેનારો જે જીવ છે તે રૂપને જુવે છે અને કુરૂપને જુવે છે તથા બાળ, યૌવન અને વૃદ્ધપણાને જુવે છે, એવા અનંત પદાર્થને જુવે છે પણ જોનારો પોતે પોતાને જોતો નથી અને કેવળ બાહ્ય દષ્ટિએ કરીને પદાર્થને જોયા કરે છે પણ પોતે પોતાને નથી જોતો તે જ અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે અને એજ ઘેલામાં અતિશય ઘેલો છે એજ મૂર્ખમાં અતિશય મૂર્ખ છે અને એ જ સર્વ નીચમાં અતિશય નીચ છે."

ગઢડા પ્રથમ પ્રકરણના ૩૮મા **વચનામૃત**માં પણ **શ્રીજીમહારાજ** કહે છે, "જે સત્સંગી હોય તેને જ્યાંથી પોતાને સત્સંગ થયો હોય ત્યાંથી પોતાના મનનો તપાસ

કરવો જે, પ્રથમના વર્ષમાં મારું મન આવું હતું ને પછી આવું હતું, અને આટલી ભગવાનની વાસના હતી ને આટલી જગતની હતી. એમ વર્ષો વર્ષનો સરવાળો વિચાર્યા કરવો અને પોતાના મનમાં જેટલી જગતની વાસના બાકી રહી ગઈ હોય તેને થોડે થોડે નિરંતર ટાળવી અને એમ વિચારે નહિ ને બધી ભેગી કરે તો તે વાસના ટળે નહિ. જેમ વણિકને ઘેર નામું કર્યું હોય તે જો મહિના મહિનાનું નિરંતર ચૂકવી દઈએ તો દેતાં કઠણ ન પડે ને વર્ષ દહાડાનું ભેગું કરીએ તો આપવું બહુ કઠણ પડે...''

'ગીતા'ના રહસ્યના જાણનારા વિદ્વાનો, 'ભાગવત'ના અભ્યાસીઓ અને એવા ઘણા **તત્ત્વચિંતકો** એમ માને છે કે 'ગીતા' કે 'શ્રીમદ્ ભાગવત' જેવા ગ્રંથોનું કોઈ પણ પૃષ્ઠ ખોલો અને તમને પીડતા પ્રશ્નનું **સમાધાન** એ પૃષ્ઠ પરથી પ્રાપ્ત થશે. મહાત્મા ગાંધીનો આ **સ્વાનુભવ** હતો. તેમને 'ભગવદ્ગીતા'ને પાને પાને ઉકેલો જડ્યા !

વળી, ગઢડા પ્રથમ પ્રકરણના ૬૦મા **વચનામૃત**માં ભગવાન **શ્રીહરિ** કહે છે, ''શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ જે પંચવિષય તેને વિષે જેટલી પોતાને તૃષ્ણા હોય તેનો વિચાર કરવો જે મારે જેટલી ભગવાનને વિષે વાસના છે તેટલી જ જગતને વિષે છે કે ઓછી વધુ છે ? તેની પરીક્ષા કરવી ને જેટલી ભગવાનની વાત સાંભળવામાં શ્રોત્ર ઈન્દ્રિય લોભાતી હોય તેટલી જ જગતની વાત સાંભળવામાં લોભાતી હોય તો એમ જાણવું જે 'ભગવાનમાં ને જગતમાં બરોબર વાસના છે.' એવી જ રીતે સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ સર્વે વિષયનો તપાસ કરવો.''

મોક્ષમાર્ગના શાસ્ત્રોક્ત સાધનો જેવાં કે ધર્મ, ભક્તિ, તપ, ત્યાગ વગેરે તમામ બાબતે પોતાની જાત-તપાસ (આત્મખોજ) કેમ કર્યે રાખવી તેનું હૂબહૂ વર્ણન વચનામૃતની પ્રશ્નોત્તરીમાં આવે છે. ભગવાન શ્રીહરિ કહે છે કે, જીવાત્માએ પોતાની જાતને ઓળખવી જોઈએ, આત્મખોજ કરવી જોઈએ અને જ્યારે જીવાત્મા આત્મખોજ કરે ત્યારે જ પોતાનું જીવન સાર્થક કરી શકે છે.

ગઢડા પ્રથમ પ્રકરણના ૧લા જ **વચનામૃત**માં હરિભક્ત ઠક્કર હરજીના પ્રશ્નના જવાબમાં ભગવાન શ્રીહરિએ કહ્યું કે, ''વાતના કરનારા જે સાધુ તેનો અવગુણ જો ન લે તો સત્સંગને વિષે એવી **દૃઢ પ્રીતિ** થાય, જેવી પોતાના દેહ ને દેહના સંબંધીને વિષે છે.'' ગઢડા પ્રથમ પ્રકરણના છઠ્ઠા વચનામૃતમાં **શ્રીજીમહારાજ** કહે છે કે, ''આ સત્સંગમાં જે વિવેકી છે તે તો દિવસે દિવસે પોતાને વિષે અવગુણને દેખે છે અને ભગવાન ને ભગવાનના ભક્તને વિષે ગુણને દેખે છે...'' સત્સંગીને આરંભથી અંત સુધી અપનાવવાનાં સાધનોના સુગમ્ય વર્ણન સાથે સાથે મહારાજે શાસ્ત્રોના **ગૂઢ રહસ્યો**ને પણ વિદ્વાનો સમક્ષ ખુલ્લાં મૂક્યાં છે.

ઘણાં બધાં શાસ્ત્રો માત્ર બે વ્યક્તિઓ વચ્ચેની વાતચીતના સ્વરૂપે જ લખાયેલ છે. ભગવદ્ ગીતા પણ ધૃતરાષ્ટ્ર અને સંજય વચ્ચેની તથા તે અંતર્ગત ભગવાન શ્રીકૃષ્ણ તથા અર્જુન વચ્ચેના સંવાદના સ્વરૂપે જ રચાયેલ કૃતિ છે, પરંતુ વચનામૃત ગ્રંથની **વિશેષતા** એ છે કે ભક્ત સમુદાય અને ભગવાન શ્રી સ્વામિનારાયણ વચ્ચે પ્રત્યક્ષ સ્વરૂપે થયેલ **જ્ઞાનગોષ્ઠિનું આલેખન** છે. આજના આધુનિક યુગમાં પ્રેસ કોન્ફરન્સ યોજાતી હોય છે. જેમાં સમાજ વતી પત્રકારો નેતાઓને પ્રશ્નો પૂછે છે અને તેના ઉત્તર મારફત જનતાને માહિતી મળે છે. વચનામૃત ગ્રંથ પણ આવો જ ભક્ત-ભગવાન વચ્ચેની કોન્ફરન્સનો એક ગ્રંથ છે, જેમાં મોક્ષ સંબંધી તમામ પાસાંઓ હૂબહૂ રીતે આવરી લેવાયાં છે.

સદ્ગુરુ સંતો **મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી** અને લહિયા **શુકાનંદ સ્વામી** દ્વારા આલેખાયેલ આંખે દેખ્યો અને પ્રત્યક્ષ શ્રવણ કરેલો અહેવાલ અંતે જ્યારે **ગ્રંથ સ્વરૂપે** આકાર પામ્યો અને લોયામાં ભગવાન શ્રી સ્વામિનારાયણ સમક્ષ રજૂ કરાયો ત્યારે શ્રીજીમહારાજે અતિ પ્રસન્ન થકા તેને મંજૂર કર્યો છે. સર્વાંગ સંપૂર્ણ મોક્ષમૂલક સાહિત્ય પીરસતો આ ગ્રંથરાજ માનવજીવન માટે અમૂલ્ય ખજાનો છે. ગુજરાતી **ગદ્ય સાહિત્ય**નો પણ આ ઉચ્ચ કક્ષાનો **પ્રથમ ગ્રંથ** હોવાનું સમીક્ષકોએ સ્વીકાર્યું છે. વચનામૃત ગ્રંથનું અનુષ્ઠાન કરવાથી દોષોની નિવૃત્તિ સાથે સાથે આધ્યાત્મિક તર્ક શક્તિનો પણ વિકાસ થાય છે.

'ગીતા'ના રહસ્યના જાણનારા વિદ્વાનો, 'ભાગવત'ના અભ્યાસીઓ અને એવા ઘણા **તત્ત્વચિંતકો** એમ માને છે કે 'ગીતા' કે 'શ્રીમદ્ ભાગવત' જેવા ગ્રંથોનું કોઈ પણ પૃષ્ઠ ખોલો અને તમને પીડતા પ્રશ્નનું **સમાધાન** એ પૃષ્ઠ પરથી પ્રાપ્ત થશે. મહાત્મા ગાંધીનો આ **સ્વાનુભવ** હતો. તેમને 'ભગવદ્ગીતા'ને પાને પાને ઉકેલો જડ્યા ! સ્વરાજ્ય પ્રાપ્તિમાં એમની આ આધ્યાત્મિકતાનો બહુ **મોટો ફાળો** હતો. તેમના પગલે આચાર્ય વિનોબા ભાવેને ગીતામાંથી ઘણાં સમાધાન પ્રાપ્ત થયાં. રવિશંકર દાદાનો અનુભવ કાંઈક આવો જ રહ્યો. મોરારજીભાઈને ગીતામાંથી પ્રશ્નોના હલ જડ્યા. 'વચનામૃત' તો સાક્ષાત્ ભગવાનનાં વચનો છે.

તેમની વાણી એ જ તેમનું સ્વરૂપ 'મદ્રૂપમિતિ મદ્વાણી' સમા આ વિરલ ગ્રંથના શબ્દે શબ્દે વ્યક્તિની જ નહિ, કુટુંબ કે સમાજની જ નહિ, સમગ્ર વિશ્વની જટિલ સમસ્યાઓનાં **સમાધાન** શોધી શકાય, સતત પીડતા એવા કૂટ પ્રશ્નોના-કોયડાઓના પ્રતીતિકર અને પ્રમાણેસહિત એવા સંતોષકારક ઉકેલો સહેજે મળી રહે. શરત એટલી કે **સાચા સાધક** બનીને તેમાં ડોકિયું કરવું પડે. કોઈ મોટી શૈક્ષણિક સંસ્થાના વિરાટ અદ્યતન પુસ્તકાલયમાં જઈને પોતાને જોઈતું પુસ્તક, સંદર્ભગ્રંથ, સામયિક કે સંશોધન-નોંધપોથીને શોધવાની પણ એક **ચોક્કસ પદ્ધતિ** હોય છે. વાચકે તેનાથી વાકેફ થવું પડે. Source કેમ શોધવો એની પણ તાલીમ અપાય છે. પોતાને સમજ ન પડે તો ગ્રંથપાલની મદદ લેવી પડે છે. આધ્યાત્મિક માર્ગના સાધકે પણ આ **કળા** સદ્‌ગુરુ સંતો થકી **હસ્તગત** કરવી પડે.

કેટલો ત્રસ્ત છે માનવી આજે ! દિવસ ઊગે ત્યારથી જ સમસ્યાઓ તેનો ભરડો લેવાનું શરૂ કરે છે; રાત્રે પણ તે તેનો પીછો છોડતી નથી. એની ઊંઘ પણ હરામ કરી નાખે છે. જાત જાતના પ્રશ્નો - દૈહિક, વૈયક્તિક, કૌટુંબિક, વ્યાવસાયિક, સામાજિક, રાજકીય ઇત્યાદિ. કેટલાક સ્પષ્ટપણે દેખાય-અનુભવાય એવા; તો કેટલાક ગર્ભિત (Implicit) એટલે કે ઉપરથી હસતું મોં રાખીને ફરતી વ્યક્તિના આંતરિક **અજંપા**નો પાર નથી હોતો. પ્રમાણમાં સામાન્ય લાગતી એવી બાબતો, વ્યક્તિને અંદરથી ઊધઈની જેમ કોરી ખાતી હોય છે. બહારથી દેખાતો નાનો પ્રશ્ન એ તો હિમશિલા (Iceberg)ની માત્ર ટોચ જ હોય છે; સમસ્યાની **મસમોટી શિલા** તો અંદર પડેલી હોય છે !

વળી પ્રશ્નો-વિટંબણાઓ કોને નથી હોતાં ? ભગવાનમાં અહોનિશ રમનાર **સંતો-ભક્તો**ને છોડીને, પૃથ્વીના પટ પર છે કોઈ પણ એવી વ્યક્તિ જેને સમસ્યાઓનો સામનો કરવો ન પડતો હોય ? વર્તમાન સમયમાં પૈસો-ભૌતિક સમૃદ્ધિ, એ **સુખનો પર્યાય** મનાયાં છે; પણ કહેવાયું છે કે, 'પૈસો મકાનની ખાતરી આપે, ઘરની નહિ; પૈસો વૈભવની ખાતરી આપે, આનંદની નહિ; પૈસો બેડરૂમની ખાતરી આપે, ઊંઘની નહિ.'

'ઍરિક ફ્રોમ'ના પુસ્તક 'To be or to have'માં being અને having અંગેની દૃષ્ટિનો **ભેદ** સમજાવ્યો છે. એકલું having પૂરતું નથી; વ્યક્તિએ એક સારા, સાચાબોલા, સંનિષ્ઠ, સદાચારી માણસ બનવું પડશે. સર્વત્ર 'I have money', 'I have knowledge', 'I have power'ની બોલબાલા છે.

વિચિત્રતા તો એ છે કે, માણસ જેને સામાન્ય રીતે સુખ માને છે એવી ઉપલબ્ધિઓ હોવા છતાંય, તેને પોતાની જાત સિવાય બીજા બધા સુખી લાગે છે ! તે અસંતોષી અને અધીરો બન્યો છે. હંમેશાં, અન્ય સાથેની એષણાપ્રાપ્તિની સ્પર્ધામાં, તે પોતાની જાતને મૂકતો જ રહે છે.

સમસ્યાના આ જંગલમાં ફસાયેલ વ્યક્તિઓને સાચું દિશાસૂચન, સમજણ, સદ્-અસદ્‌નો વિવેક; તે દ્વારા પંચવર્તમાનયુક્ત સાચા સંતોની ઓળખ અને ફલશ્રુતિરૂપે અક્ષરધામનું અભયવચન - આ સઘળું 'વચનામૃત'ના પાને પાનેથી, તેના શબ્દે-શબ્દમાંથી મળી રહે છે.

જો સાચા અર્થમાં કહીએ તો ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાની સાથે સાથે એ મહામુક્તરાજ નંદસંતોએ અતિ દાખડો કરી આ જ્ઞાનને ઝીલી આપણા જેવા પામર આત્માને તે તત્ત્વ સમજાવવા માટે લખી લીધું તે આપણા **અહોભાગ્ય** છે. અને શ્રીજીમહારાજ વચનામૃતમાં ક્યારેક મુક્તભાવથી, અવતારભાવથી અને વળી ક્યારેક અવતારીભાવથી એમ વિવિધ રીતે બોલ્યા છે. છતાં પણ આપણને તે નંદસંતોએ કૃપા કરી **વચનામૃતમાં સ્વમુખવચનોથી** સર્વોપરિપણું ઓળખાવ્યું છે. અને ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના આશ્રિતોને **યોગ્ય દિશા** આપવા માટે કેટકેટલો **દાખડો** કર્યો છે તે વચનામૃત વાંચતા **સ્પષ્ટ** જણાય છે. કારણકે ક્યારેક મધ્યરાત્રિએ તો ક્યારેક વહેલી સવારે તો ક્યારેક મધ્યાહ્ન સમયે, એમ વિવિધ સમયે સભાઓ બોલાવી બોલાવી અતિ ઉચ્ચ **આધ્યાત્મિક વાતો** કરી પોતાના અનુયાયીઓના હૃદયકમળને નિર્મળ કર્યાં છે, જાણે ઘોર કળિકાળમાં સત્યુગની સ્થાપના કરી છે ! માટે આ ગ્રંથનો આપણે જો **સંપૂર્ણ લાભ** લેવો હોય તો નિત્ય તેનો અભ્યાસ જરૂરને જરૂર રાખ્યો જોઈએ.

આગામી લેખમાળામાં, આ દુ:ખમય સંસારમાં વ્યક્તિને પીડતા પ્રશ્નો કે સમસ્યાઓની **જડીબુટ્ટી** જેમાં મળી રહે એવા **વચનામૃત** લઈ; તેમાંથી ભગવાન શ્રી સ્વામિનારાયણે સૂચવેલાં સમાધાનોને જાણવાનો **નમ્ર પ્રયાસ** કરીશું.

**નોંધ :-** આ લેખમાળામાં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પરાવાણી **'વચનામૃત'** ગ્રંથ વિષે દર્શાવેલ મહિમા, સંશોધન, માહિતી વગેરે સંપ્રદાયના સંતો-ભક્તો દ્વારા પ્રસિદ્ધ લેખમાળામાંથી તેમજ ગુગલ આદિક ઈન્ટરનેટ વેબસાઈટોના માધ્યમથી સંકલિત કરવામાં આવી છે. જેના અમે હૃદયપૂર્વક **આભારી** છીએ.



# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી
તથા સાધુ ધર્મવલ્લભદાસજી

**કથાપારાયણ**
**કતારગામ-સુરત**





કતારગામ-સુરતને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ
પૂ. ઘનશ્યામવલ્લભ સ્વામીના વક્તાપદે શ્રીપુરુષોત્તમ પ્રકાશ કથાપારાયણ.

**ગુરૂપૂર્ણિમા પૂજન**
**સરધાર**









ગુરુપૂર્ણિમાના શુભ અવસરે સરધારધામમાં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્થાપિત મૂળભૂત
આચાર્યપદ-ગુરુ પરંપરા પ્રત્યે શ્રદ્ધાસુમન અર્પણ કરવા ઉજવાયેલ ગુરુપૂજન મહોત્સવમાં પૂજન-અર્ચન કરતા
પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા સંતો-હરિભક્તો તેમજ યોજાયેલ સત્સંગ સભા





અશ્વિનીકુમાર-સુરતને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ
પૂ. ઘનશ્યામવલ્લભ સ્વામીના વક્તાપદે શ્રીપુરુષોત્તમ પ્રકાશ કથાપારાયણ.





ભાદરવા (વડોદરા)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં યોજાયેલ હોમાત્મક મહાપૂજા તથા સત્સંગ સભા.





સરધારધામને આંગણે ચંદ્રગ્રહણ નિમિત્તે ભગવાન શ્રીહરિની આજ્ઞા પ્રમાણે સત્સંગ સભા તથા
ભજનકીર્તનમાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી





ઉપલેટા શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી પાર્ષદ સરજુ ભગતના
વક્તાપદે યોજાયેલ શ્રીભક્ત ચિંતામણી કથાપારાયણ




વડોદરાને આંગણે યોજાયેલ માસિક સત્સંગ સભામાં અમૃતવચનોનો લાભ આપતાં પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સંતો-ભક્તો.




થાણા શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી
પાર્ષદ ખુશાલ ભગતના વક્તાપદે યોજાયેલ શ્રીભક્ત ચિંતામણી કથાપારાયણ




શ્રી સ્વામિનારાયણ મંદિર - ડોંબીવલી (મુંબઈ)માં બિરાજમાન બાળપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજના દિવ્ય સાન્નિધ્યમાં
પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી યોજાયેલ કલાત્મક નયનરમ્ય હિંડોળાનું ઉદ્‌ઘાટન કરતા
પૂ. સંતો તેમજ પાર્ષદ ખુશાલ ભગતના વક્તાપદે યોજાયેલ શ્રીહરિ પ્રાર્થના સ્તોત્ર કથાપારાયણ.

**કથાપારાયણ**
**દહિસર-મુંબઈ**




દહિસર શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી
પાર્ષદ ખુશાલ ભગતના વક્તાપદે યોજાયેલ શ્રીભક્ત ચિંતામણી કથાપારાયણ

**૭૫ કલાક અખંડ ધૂન**
**ગઢડા**





ગઢડાધામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ૭૫ કલાક અખંડ ધૂન




**હિંડોળા ઉદ્દ્ઘાટન**
**જૂનાગઢધામ**




જૂનાગઢધામને આંગણે નિજમંદિરમાં તૈયાર થયેલ કલાત્મક હિંડોળાનું ઉદ્દ્ઘાટન કરતા પૂ. મહંત સ્વામી,
ચેરમેન શ્રી રતિભાઈ ભાલોડીયા, ટ્રસ્ટીમંડળ તથા જૂનાગઢ મ્યુનિસિપાલ કોર્પોરેશનના નવનિયુક્ત મેયર અને
સન્નિષ્ઠ સત્સંગી શ્રી ધીરુભાઈ ગોહિલ, જિલ્લા ન્યાયાધીશ વગેરે મહાનુભાવો.


હિંડોળા દર્શન
સિમાડા-સુરત


હિંડોળા દર્શન
સરધાર


હિંડોળા દર્શન
ડોંબીવલી


હિંડોળા દર્શન
ભાવનગર





**વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ**
**પીનર-લંડન**





નવનિર્માણ શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર પીનર-લંડન (યુ.કે.)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. ભાવિઆચાર્ય લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ. નાનાલાલજી શ્રી પુષ્પેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા અ.સૌ. ગાદીવાળા માતુશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં ઉજવાયેલ 'વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ' તથા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના વક્તાપદે 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૩ થી ૯-૮-૨૦૧૯)





**સિદ્ધાંત સત્સંગ શિબિર**
**પીનર-લંડન**





શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર પીનર-લંડન (યુ.કે.) ખાતે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં લંડનમાં વસતા યુવક-યુવતી તથા બાળ-બાળિકાઓની 'સિદ્ધાંત સત્સંગ શિબિર' યોજાઇ હતી. આ શિબિરમાં પૂ. સંતો તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી દ્વારા પ્રેરણાત્મક પ્રવચનો તેમજ કીર્તન-ભક્તિ, પ્રશ્નોત્તરી અને રમત-ગમત વગેરે આયોજનો યોજાયા હતા.

Swaminarayan Chintan, August-2019, RNI NO.GUJGUJ-2013/47868, Postal Registration No-Rajkot/624/2019-21 Valid Up To 31/12/2021
Posted At Rajkot RMS On 20th Of Every Month, W.p.p No-G-PMG-RJT/018/2019,Valid Up To 31/12/2021













**નવનિર્માણ શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર પીનર-લંડન (યુ.કે.)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. ભાવિઆચાર્ય લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ. નાનાલાલજી શ્રી પુષ્પેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા અ.સૌ. ગાદીવાળા માતુશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં ઉજવાયેલ 'વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ' તથા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના વક્તાપદે 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૩ થી ૯-૮-૨૦૧૯)**

Swaminarayan Chintan, Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007